


મહિલા જાગૃતિ કાર્યક્રમમાં વિશાળ
સંખ્યામાં ઉપસ્થિત મહિલા દૂધ ઉત્પાદકો

# ૫૮મો

# વાર્ષિક અહેવાલ તથા હિસાબ

## ૨૦૧૭ - ૧૮

**મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા.**

રજી. નં. સે. ૧ તા. ૮-૧૧-૬૦

વિનંતી : સાધારણ સભામાં હાજરી આપનાર પ્રતિનિધિએ વાર્ષિક અહેવાલ સાથે લઈ આવવા વિનંતી છે.




# દૂધસાગર ડેરી

## સૂચના

સંઘના તમામ સભાસદોને જણાવવામાં આવે છે કે, સંઘની ૫૮મી વાર્ષિક સાધારણ સભા તા. ૨૬–૮–૨૦૧૮ ને રવિવારના રોજ, સવારના ૧૧.૦૦ કલાકે, મહેસાણા મુકામે, સંઘના માનસિંહભાઈ પૃ. પટેલ હૉલમાં નીચેનાં કામો હાથ ધરવા સારૂ મળશે, જેમાં સમયસર હાજરી આપવા વિનંતી છે.

## કાર્યસૂચિ

૧. ગત તા. ૨૧–૦૫–૨૦૧૭ ની વાર્ષિક સાધારણ સભા અંતર્ગત નામદાર સહકાર ટ્રીબ્યુનલ, અમદાવાદ દ્વારા રીવીઝન અરજી નં.: ૯૧/૨૦૧૭ (લવાદ કેસ નં.: ૮૮/૨૦૧૭, સભ્યશ્રી, બોર્ડ ઓફ નોમીનીઝ, મહેસાણા)માં આપવામાં આવેલ ચુકાદા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

૨. તા. ૩૧–૦૩–૨૦૧૮ ના રોજ પૂરા થયેલ વર્ષનો અહેવાલ, નાણાંકીય ઓડીટર અને વૈધાનીક અન્વેષણ બાદ સંસ્થાએ તૈયાર કરેલા વાર્ષિક હિસાબો, મિલકતો, નફાની ફાળવણી વિગેરે મંજૂર કરવા બાબત.

૩. વર્ષ ૨૦૧૭–૧૮ દરમ્યાન અંદાજ કરતાં થયેલ વધારાનો ખર્ચ અને વર્ષ ૨૦૧૮–૧૯નું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

૪. અ. પેટા કાયદા મુજબ નાણાં વ્યાજે લઈ શકાય, તેની યત્તા નક્કી કરવા બાબત.

બ. સત્તાવાર શેર ભંડોળ ૧૦૦ કરોડથી વધારીને ૨૦૦ કરોડ કરવા બાબત.

ક. પેટાકાયદામાં જણાવ્યા મુજબ ૧૨ પટ સુધીની નાણાં લેવાની યત્તા ૧૫ પટની કરવા બાબત. (પેટા કાયદા સુધારાની નકલ આ સાથે સામેલ છે.

૫. સહકારી કાયદાની કલમ–૭૧ હેઠળ રોકાણોની પરવાનગી મેળવવા તેમજ મળેલ મંજૂરીઓ વંચાણે લેવા બાબત.

૬. વૈધાનિક ઓડિટરશ્રી તરફથી તા. ૭–૫–૨૦૧૮ના રોજ મળેલ ઓડિટ રીપોર્ટ તેમજ સંઘ દ્વારા તૈયાર કરેલ દુરસ્તી અહેવાલ અને વર્ષ ૨૦૧૭–૧૮ના વર્ષનો ઓડીટર દ્વારા તૈયાર કરાયેલ અહેવાલ મંજૂર રાખવા બાબત.

૭. પશુ સંવર્ધન કેન્દ્ર જગુદણ ખાતે બીજદાન કરવાથી ફક્ત પાડી જ જન્મે તેવી નવીન સેક્સ સિમેન ટેક્નોલોજીના ખર્ચ બાબત.

૮. વર્ષ દરમ્યાન નિયામક મંડળે કરેલ કાર્યવાહી વંચાણે લેવા બાબત.

૯. મંડળીઓ તરફથી મળેલ રજુઆતો બાબતે ચર્ચા વિચારણા કરવા બાબત.

૧૦. પ્રમુખ સ્થાનેથી...

**મહેસાણા**
**તા. ૦૭-૦૮-૨૦૧૮**

**મેનેજીંગ ડિરેક્ટર**
**નિયામક મંડળની સૂચનાથી**

(૧) હિસાબો અંગે સભાસદોને જે કંઈ માહિતી જોઈતી હોય, તેની તા. ૨૩–૮–૨૦૧૮ પહેલાં લેખિત જાણ કરવા વિનંતી છે.

(૨) જો સભા નોન–કોરમ થશે તો, તે જ તારીખે, તે જ સ્થળે, આ જ કાર્યસૂચિ પ્રમાણે, અડધા કલાક બાદ સભાનું કામકાજ હાથ ધરવામાં આવશે.

(૩) દૂધ ઉત્પાદક સહકારી મંડળીના સભાસદોએ પોતાના પ્રતિનિધિની નિમણૂંકના ઠરાવની અધિકૃત નકલ તા. ૨૩–૦૮–૨૦૧૮ સુધીમાં, ઓફિસ સમય દરમ્યાન મોકલી આપવા વિનંતી છે.

### પેટા નિયમ : ૫(૬)

| હાલનો પેટા નિયમ | સુધારેલ પેટા નિયમ | સુધારાનું કારણ |
|---|---|---|
| સભાસદોને શેર વેચાણ દ્વારા, શેર વેચાણથી ઉભું કરેલું ભંડોળ રૂપિયા ૧૦૦ કરોડથી વધવું જોઈએ નહિ, પ્રત્યેક શેરની દાર્શનિક કિંમત રૂપિયા ૧૦૦.૦૦ અંકે રૂપિયા એકસો પુરા રહેશે. પેટા કલમ–૩ અને ૪માં જણાવેલ સાધનો દ્વારા ભંડોળ એકત્રિત કરી શકાશે. પરંતુ આ પ્રકારે એકત્રિત કરવામાં આવનાર ભંડોળ ભરપાઈ કરવામાં આવેલ કુલ શેર ભંડોળ અને એકત્રિત અનામત ભંડોળ તેમજ મકાન ભંડોળની એકંદર રકમમાંથી ખોટને બાદ કરતાં જે ભંડોળ રહે તેના બાર (૧૨) પટ કરતાં કોઈ સંજોગોમાં વધુ થવું જોઈએ નહિ. સંઘનું શેર ભંડોળ જ્યારે સંઘના ધંધામાં રોકાયેલું નહિ હોય ત્યારે કાયદાની કલમ – ૭૧ મુજબ સંઘ એને રોકશે અગર અનામત તરીકે મુકાશે. પરંતુ ભારતના ટ્રસ્ટ એક્ટની કલમ–૨૦(ઈ) મુજબ તેનું રોકાણ કરી શકશે નહિ. | સભાસદોને શેર વેચાણ દ્વારા, શેર વેચાણથી ઉભું કરેલું ભંડોળ રૂપિયા ૨૦૦ કરોડથી વધવું જોઈએ નહિ, પ્રત્યેક શેરની દાર્શનિક કિંમત રૂપિયા ૧૦૦.૦૦ અંકે રૂપિયા એકસો પુરા રહેશે. પેટા કલમ – ૩ અને ૪ માં જણાવેલ સાધનો દ્વારા ભંડોળ એકત્રિત કરી શકાશે. પરંતુ આ પ્રકારે એકત્રિત કરવામાં આવનાર ભંડોળ ભરપાઈ કરવામાં આવેલ કુલ શેર ભંડોળ અને એકત્રિત અનામત ભંડોળ તેમજ મકાન ભંડોળની એકંદર રકમમાંથી ખોટને બાદ કરતાં જે ભંડોળ રહે તેના પંદર (૧૫) પટ કરતાં કોઈ સંજોગોમાં વધુ થવું જોઈએ નહિ. સંઘનું શેર ભંડોળ જ્યારે સંઘના ધંધામાં રોકાયેલું નહિ હોય ત્યારે કાયદાની કલમ – ૭૧ મુજબ સંઘ એને રોકશે અગર અનામત તરીકે મુકાશે, પરંતુ ભારતના ટ્રસ્ટ એક્ટની કલમ–૨૦(ઈ) મુજબ તેનું રોકાણ કરી શકશે નહિ. | સંઘના વ્યવસાયિક વિકાસને અનુલક્ષી |



# અધ્યક્ષશ્રીનું નિવેદન

આદરણીય ખમીરવંતા દૂધ ઉત્પાદક ભાઈઓ તથા બહેનો

આપણા સંઘની પ્રગતિશીલ અને વણથંભી, પરિશ્રમી અને પરિણામલક્ષી દૂધ ઉત્પાદક વિકાસયાત્રાના ૫૮ વર્ષ પૂરાં થયાં છે. આજની આ ૫૮મી વાર્ષિક સાધારણસભામાં ઉપસ્થિત સૌ દૂધ મંડળીના પ્રતિનિધિઓનું હું હૃદયપૂર્વક હાર્દિક સ્વાગત કરું છું. આપ સૌના સાથ અને સહકારથી દૂધસાગર ડેરી સફળતાપૂર્વક કામગીરી કરી રહી છે અને કરતી રહેશે એવો મને પૂરો વિશ્વાસ છે.

દૂધનો વ્યવસાય એ મુખ્યત્વે ગરીબ,મધ્યમ અને નાના ખેડૂતોનો રહયો છે અને એમાં પણ મહિલાઓનો ફાળો નોંધપાત્ર છે. જિલ્લાના પશુપાલકોની આર્થિક અને સામાજિક સ્થિતિમાં સુધારો લાવવા દૂધસાગર ડેરીનું બીજ જિલ્લાના પનોતા પુત્ર સ્વ.માનસિંહભાઈ પૃ.પટેલ ધ્વારા રોપવામાં આવ્યું હતું અને ત્યારબાદ સ્વ.મોતીભાઈ ર. ચૌધરી ધ્વારા તેનું સંવર્ધન થયું. આ દેવ જેવા મહાનુભાવોએ સ્થાપનાકાળથી જોયેલા સ્વપ્ન આજે સાકાર થયા છે અને દૂધસાગર ડેરી દૂધ ઉત્પાદકોની જીવાદોરી બની ને રહી છે.આપણે વડીલોના ચીંધેલા માર્ગ પર ચાલી ડેરીનો પારદર્શક વહીવટ કરી રહયા છીએ અને તેના માટે પ્રતિબધ્ધ છીએ. આપણા સૌની આ ડેરીને નવી ઉંચાઈઓ પ્રાપ્ત થાય, દૂધ ઉત્પાદકોને સારો ભાવ મળે અને તેઓના જીવન ધોરણમાં આર્થિક અને સામાજિક સુધારો થાય તે માટે સતત પ્રયત્નશીલ છીએ.

દીર્ઘદ્રષ્ટિ અને ઉચ્ચ શિક્ષણ ધરાવતા, દૂધ ઉત્પાદકોનું હિત સદાય જેના હૈયે વસેલું છે એવા મારા માર્ગદર્શક અને રાહબર શ્રી વિપુલ ચૌધરી સાહેબ ધ્વારા આપણા દૂધ ઉત્પાદકોને “માનસિંહભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી (એમઆઈડીએફટી)”, કંકુબા પશુપાલન વિદ્યાપીઠ, અત્યાધુનિક જગુદણનું સાગરદાણનું કારખાનું, સામાન્ય તાપમાને બગડી ના જાય તેવું સાગરમોતી–અમૂલ મોતી દૂધ, દૂધમોતીસાગર ડેરી ધારુહેડા, વગેરેની અમૂલ્ય ભેટ આપવામાં આવી છે તથા દૂધમાનસાગર ડેરી, માનેસરનો વિકાસ તેમની આગવી સુઝ ધ્વારા થયો છે.તેઓનું આ ઋણ દૂધ ઉત્પાદકો કદી ઉતારી શકશે નહિ. દૂધ ઉત્પાદકો માટે હંમેશા સંવેદનસભર અભિગમ ધરાવતા વિપુલભાઈ સાહેબ માટે તમામ દૂધ ઉત્પાદકો પોતાના પરિવારના મોભી અને સ્વજન જેવી લાગણી ધરાવે છે. તેમના ગતિશીલ નેતૃત્વમાં દૂધસાગર ડેરીએ વિકાસની હરણફાળ ભરી છે. આજના પ્રસંગે હું આપ સૌ વતી તેમને વંદન કરું છું અને તેઓના આશીર્વાદ, માર્ગદર્શન, પ્રેરણા અને હુંફ મને સતત મળતા રહેશે તેવો વિશ્વાસ વ્યકત કરું છું.

દિલ્હીમાં સૌ પ્રથમ આપણે દૂધ પહોચાડવાની શરૂઆત કરી હતી. દેશની રાજધાનીના લોકોને આપણા દૂધનો સ્વાદ અને સુગંધ ખુબ જ ગમ્યા જેને કારણે દિલ્હીના બજારમાં અમૂલ દૂધનું વેચાણ વધવા લાગ્યું અને આજે દૈનિક ૩૨ લાખ લિટર સુધી પહોચ્યું છે. છેલ્લા પાંચેક વર્ષથી સૌના સાથ અને સૌના સહકારની જગ્યાએ આપણી ડેરીને વધુ સહન કરવાનું આવ્યું છે. જે હજી અવિરત રીતે ચાલુ છે. આજે દિલ્હી ના બજારમાં દૈનિક દૂધનું બજાર અંદાજે એક કરોડ લિટરથી વધુનું છે પરંતુ આપણને પ્રોત્સાહન આપવાની જગ્યાએ, આપણી કદર કરવાની જગ્યાએ અત્યારે આપણા દિલ્હી બજારમાં દૂધનો દૈનિક વેચાણ હિસ્સો





ઘટાડી દેવામાં આવ્યો છે. આપણી સાથે અસહકારભર્યુ અને ઓરમાયું વર્તન કરવામાં આવી રહયું છે. આ રીતે મૂળભૂત પાયાના સહકારી સિધ્ધાંતો અને મૂલ્યોને નેવે મુકી દેવામાં આવ્યા છે. દૂધસાગર ડેરીના દૂધ ઉત્પાદકો એ ખમીરવંતા દૂધ ઉત્પાદકો છે. આપણે કદી કોઈ આગળ ખોટી બાબતોમાં ઝુકયા નથી અને ઝુકીશું પણ નહિ. આજના દિવસે આપણે સૌ ભગવાનને પ્રાર્થના કરીએ કે દૂધસાગર ડેરીનું અને તેના દૂધ ઉત્પાદકોનું અહિત કરવા નીકળેલા લોકોને ભગવાન સદ્‌બુધ્ધિ આપે.

## સંઘની દૂધ ઉત્પાદકલક્ષી કામગીરીનું સરવૈયું :-

### દૂધ સંપાદનની કામગીરી :-

દૂધસાગર ડેરીમાં તા:૧૨/૧/૨૦૧૮ના રોજ અત્યાર સુધીનું સૌથી વધુ ઐતિહાસિક એવું ૪૦,૨૪,૯૫૪ કિલો દૂધ સંપાદન થયેલ છે. જેમાં મહેસાણા તથા ગુજરાત બહારના દૂધનું સંપાદન સામેલ છે. આ ઐતિહાસિક સંપાદન એ દૂધસાગર ડેરીની દૂધ ઉત્પાદકો અને મંડળીઓ માટેની વિવિધ સરકારશ્રીની યોજનાઓ, દૂરડાની સહાય યોજનાઓ અને સંઘના પશુચિકિત્સા વિભાગના અથાગ પ્રયત્નને આભારી છે.

દૂધ પ્રાપ્તિમાં આ વર્ષે આપણે આપણા કાર્યક્ષેત્રમાં ૬૭૯૯.૬૦ લાખ લિટર તથા રાજ્ય બહાર ૩૧૧૬.૬૧ લાખ લિટર મળીને કુલ ૯૯૧૬.૨૧ લાખ લિટર દૂધનો જથ્થો પ્રાપ્ત કરેલ. જે ગત વર્ષની સરખામણીમાં ૧૧.૪૪ ટકા વધારે છે. ગત વર્ષે વેચાણના રૂા ૪૫૦૦.૧૮ કરોડની સરખામણીએ આ વર્ષે વેચાણ રૂા. ૪૨૭૦.૭૧ કરોડનું થયેલ છે.

| દૂધ પ્રાપ્તિ | વર્ષ :૨૦૧૬-૧૭(લાખ કિ.ગ્રામ) | | વર્ષ :૨૦૧૭-૧૮(લાખ કિ.ગ્રામ) | |
|---|---|---|---|---|
| | કુલ | દૈનિક | કુલ | દૈનિક |
| કાર્યક્ષેત્રમાંથી | ૬૪૩૨.૧૮ | ૧૭.૬૨ | ૬૭૯૯.૬૦ | ૧૮.૬૩ |
| રાજ્ય બહારથી | ૨૪૬૫.૯૭ | ૬.૭૬ | ૩૧૧૬.૬૧ | ૦૮.૫૪ |
| કુલ વાર્ષિક જથ્થો | ૮૮૯૮.૧૫ | ૨૪.૩૮ | ૯૯૧૬.૨૧ | ૨૭.૧૭ |

### દૂધ સંઘમાં ખુબ મોટા પ્રમાણમાં દૂધના પાવડરનો જથ્થો :–

આંતરરાષ્ટ્રીય બજારમાં દૂધના પાવડરના ભાવમાં ખુબ મોટો ઘટાડો થયેલ છે અને દેશમાં દૂધના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. જેને પરિણામે દૂધના પાવડરની નિકાસ પર માઠી અસર પડી છે તથા વર્ષ દરમ્યાન અમૂલ ફેડરેશન ધ્વારા કરવામાં આવતા દૂધ અને તેની બનાવટોના વેચાણમાં ખુબ મોટા પાયે કમી થતા સંઘને ખુબ મોટા પ્રમાણમાં દૂધનો પાવડર બનાવવાની ફરજ ઉભી થઈ. તા. ૩૧/૩/૨૦૧૮ના રોજ સંઘમાં કુલ ૨૫૭૫૫ મેટ્રીક ટન દૂધનો પાવડર એટલેકે અંદાજે રૂા ૪૩૭ કરોડનો દૂધના પાવડરનો સ્ટોક રહેવા પામેલ છે. આ ઉપરાંત સંઘમાં સફેદ માખણનો ૧૦૩૬૯ મેટ્રીક ટન અને ઘીનો ૯૬૨ મેટ્રીક ટનનો માલસ્ટોક સંઘમાં રહેલ છે, જેની કિંમત રૂા. ૩૩૧ કરોડ રહેવા પામેલ છે. માલસ્ટોકના ભરાવાના કારણે જિલ્લામાં ગોડાઉનો ભાડે રાખવાની જરૂરિયાત ઉભી થઈ છે અને કરોડો રૂપિયાનો માલ વણવપરાયેલ સ્ટોક તરીકે રહેલ છે, જેને પરિણામે સંઘના દૂધ ઉત્પાદકોને ખુબ મોટો આર્થિક બોજો પડયો છે.

અમૂલ ફેડરેશન ધ્વારા દિલ્હી નજીકની દૂધમાનસાગર ડેરી, માનેસર(ક્ષમતા ૧૨ લાખ લીટર પ્રતિ દિવસ દૂધ પેકિંગ) અને દૂધ મોતીસાગર ડેરી,ધારુહેડાની (ક્ષમતા ૧૫ લાખ લીટર પ્રતિ દિવસ દૂધ પેકિંગ)કાર્યક્ષમતાનો પૂરતો ઉપયોગ કરવામાં આવતો નથી જેથી દૂધ ઉત્પાદકોને પારાવાર આર્થિક નુકશાન થઈ રહયું છે. સને ૨૦૧૪માં દૂધમોતીસાગર ડેરીનું ઉદ્‌ઘાટન

કરેલ ત્યાર બાદ અમૂલ ફેડરેશન ધ્વારા બંને ડેરીઓનું દૈનિક કુલ ૧૪ લાખ લિટરથી વધુ દૂધ પેકિંગ કરી દિલ્હીના બજારમાં વેચવામાં આવતું હતું જે ઘટાડીને વર્ષ ૨૦૧૭–૧૮માં દૈનિક ૮ લાખની આસપાસ કરેલ છે જેથી જિલ્લાના ૭ લાખથી વધુ દૂધ ઉત્પાદકોને પારાવાર આર્થિક નુકશાન જાય છે. આપણા દિલ્હી નજીકની બન્ને ડેરીઓ દૂધ માનસાગર ડેરી,માનેસર અને દૂધ મોતીસાગર ડેરી, ધારુહેડાનો પુરતો અર્થક્ષમ ઉપયોગના અભાવે તેમજ પાવડર, સફેદ માખણ તેમજ ઘી નું વેચાણ નહિ થતાં અબજો રૂપિયાનો માલ સંઘ પાસે ભેગો થતાં, બેંકોના હપ્તા અને વ્યાજનું ભારણ દૂધ ઉત્પાદકોના માથે આવતા તેઓ યોગ્ય નફો મેળવી શકતા નથી.

## પશુઆહાર :-

સંઘના જગુદણ અને ઉબખલ ખાતેના પશુઆહાર કારખાનામાં સાગરદાણ, હાઇપ્રોદાણ, ભેંસદાણ, પાડીદાણ, સાગર સમૃધ્ધિદાણ, ચીલેટેડ મિનરલ મિક્ષ્ચર વગેરેનું ઉત્પાદન કરવામાં આવે છે. પશુની દૂધ ઉત્પાદકતા વધારવામાં પશુઆહારનો ફાળો મુખ્ય છે. વર્ષ દરમ્યાન ૨૩૪૭૮૨.૭૭ મે.ટન ઉત્પાદન અને ૨૩૦૪૨૯.૩૧ મે.ટન વેચાણ કરવામાં આવેલ છે. આપણા કાર્યક્ષેત્રમાં હજુ પણ વૈજ્ઞાનિક ધોરણ કરતા દાણ અને મિનરલ મિક્ષ્ચરનો વપરાશ ઓછો જણાઈ રહયો છે. સંઘના સીએસ વિભાગના તથા વેટરનરી વિભાગના કર્મચારીઓ દાણ વપરાશ વધારવાની દિશામાં સતત પ્રયત્નશીલ છે.

## દૂધ દિવસ ઉજવણી (મિલ્ક ડે) અને મહિલા જાગૃતિ કાર્યક્રમ :-

દૂધસાગર ડેરી ધ્વારા દૂધ ઉત્પાદકોને દૂધના ધંધા સાથે સંકળાયેલ તમામ બાબતોની સંપૂર્ણ માહિતી/જાણકારી મળી રહે અને તેઓ દૂધનો ધંધો વ્યાપારિક અને વૈજ્ઞાનિક પધ્ધતિથી કરતા થાય તે માટે દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રના અગિયાર દૂધ દિવસ ઉજવણી કાર્યક્રમ(મિલ્ક –ડે) તથા અગિયાર મહિલા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દૂધ ઉત્પાદકોને દૂધ સંઘની સ્થાપનાથી વર્તમાન સુધીની વિકાસગાથા, પશુઓ માટે વેટરનરી વિભાગ ધ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓ, સ્વચ્છ દૂધ ઉત્પાદન, દૂધ સંઘ ધ્વારા બનાવવામાં આવતા વિવિધ પશુઆહાર, દૂધના ધંધાની વર્તમાન સ્થિતિ, દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસોસીએશન (દૂરડા) ધ્વારા ચલાવવામાં આવતી કોલેજો અને તે અંતર્ગત ચાલતા વિવિધ અભ્યાસક્રમો વગેરેથી માહિતગાર કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં દરરોજ હજાર ઉપરાંત દૂધ ઉત્પાદકોએ ઉપસ્થિત રહી વિસ્તૃત માહિતી, માર્ગદર્શન અને જાણકારી મેળવી હતી.



**વિદ્યાર્થીઓને ડીગ્રી સર્ટીફીકેટ એનાયત કરતા દૂરડાના અધ્યક્ષ શ્રી વિપુલ ચૌધરી અને સંઘના કાર્યકારી અધ્યક્ષ શ્રીમતી આશાબેન ઠાકોર**

## આઈ.એસ.ઓ. કામગીરી :-

આપણે આપણા દૂધ અને દૂધની બનાવટોને આંતરરાષ્ટ્રીય ધોરણોને અનુરૂપ સ્પર્ધાત્મક બનાવવા તેમજ સલામત ખાદ્યપદાર્થોની ખાતરી માટે ISO 22000:2005 અને ISO 9001:2015ના પ્રમાણપત્રો મેળવી લીધા છે. આમ માત્ર આપણી સંસ્થા જ નહી, પરંતુ તેના દ્રારા સ્થાપેલ દૂધ સાગર ડેરી પાટણ, દૂધસાગર ડેરી વિહાર ,દૂધસાગર ડેરી કડી અને શીતકેન્દ્ર–હારીજ પણ ISO 9001 : 2015 અને ISO 22000 : 2005 થી પ્રમાણીત છે. આજ રીતે કેટલફીડ પ્લાન્ટ, જગુદણ અને ઊબખલ તથા




પશુ સંવર્ધન કેન્દ્ર જગુદણ પણ ISO 9001 : 2015 થી પ્રમાણીત છે. આ ઉપરાંત દૂધ ઉત્પાદકો પાસેથી હજુ સારી ઉચ્ચ ગુણવત્તાવાળુ કાચુ દૂધ મેળવવા માટે કુલ ૫૦૦ દૂધ મંડળીઓ ISO 9001 : 2015 થી પ્રમાણીત છે. આપણે આપણી તમામ પ્રક્રીયાઓમાં પર્યાવરણના સંતુલનને ધ્યાનમાં રાખીને તથા સંપાદનનો યોગ્ય રીતે ઉપયોગ અને દૂર્વ્યય ઘટાડવાના પ્રયત્નો કર્યા આથી આપણી સંસ્થા પર્યાવરણ પ્રબંધન પ્રણાલી ISO 14001 : 2015 થી પ્રમાણીત થયેલ છે. દિલ્હી ખાતે આવેલા દૂધમાનસાગર ડેરી અને દૂધ મોતીસાગર ડેરી ISO 9001 : 2015 અને FSSC 22000 સ્ટાન્ડર્ડથી પ્રમાણીત સંસ્થાઓ છે.

## કડી ખાતે નવીન દહીં પ્લાન્ટ :

દૂધ વિધાસાગર ડેરી, કડી ખાતે દહીં બનાવવાનો, તેને પાઉચ અને કપમાં પેક કરવાનો અદ્યતન પ્લાન્ટમાં ઉત્પાદન તા : ૮/૧૧/૨૦૧૭ના રોજ શરૂ કરેલ છે, જેની દૈનિક ક્ષમતા ૧૦ મેટ્રીક ટન છે. જેને વધારી ૧૫ થી ૨૦ મે.ટન કરવાની ટુંક સમયમાં જરૂર પડશે.

**પાટણ ખાતે ૫૦,૦૦૦ લિટર દૈનિક છાસ બનાવવાનો પ્લાન્ટ કરવા પણ જઈ રહયા છીએ.**

## ડિજીટલાઈજેશન :

સંઘે હંમેશા તેના ઘડવૈયાઓના અનુભવ અને તેમના માર્ગદર્શનને પોતાના મૂળભૂત પાયાના સિધ્ધાંત તરીકે સ્વીકારેલ છે. સંઘે અનુભવની સાથે સાથે ધંધામાં ઉપયોગમાં આવતી અદ્યતન ટેકનોલોજીને પણ એટલું જ મહત્વ આપેલ છે. સમયની સાથે સાથે ટેકનોલોજીનો વપરાશ પણ આજના યુગમાં મૂળભૂત જરૂરીયાત બની ગયો છે.

## અમૂલ ઓનલાઈન એ.એમ.સી.એસ. :

દૂધ સંઘમાં જૂલાઈ ૨૦૧૬ થી મંડળીઓ પર અમૂલ ઓનલાઈન એ.એમ.સી.એસ સોફ્ટવેરનો અમલ કરવામાં આવ્યો છે. અમૂલ ઓનલાઈન એ.એમ.સી.એસ. સોફ્ટવેરથી દૂધમંડળીઓને સંઘ સાથે જોડવામાં આવે છે. અત્યાર સુધી કુલ ૬૭૩ મંડળીઓને ઓનલાઈન કરવામાં આવી ચૂકી છે. આ મંડળીઓમાં સંઘના કુલ દૂધનો ૬૦ ટકા જથ્થો સામેલ છે. મંડળીમાં આ સોફ્ટવેરનો ઉપયોગ ચાલુ થયો છે ત્યાં વર્તમાનમાં ૯૮,૨૦૮ દૂધ ઉત્પાદક પોતાના દૂધની તમામ વિગતો (દૂધ જથ્થો,કિંમત અને ફેટની વિગતો) પોતાના મોબાઈલમાં જોઈ રહયા છે. દરરોજ બે વખત એસએમએસથી મંડળીમાં ભરાવેલા દૂધની વિગતો તેમને પ્રાપ્ત થઈ રહી છે. દૂધ ઉત્પાદકો પોતાના ખાતાની એક દિવસની લઈને એક વર્ષ સુધીની પોતાના દૂધની માહિતી જોઈ શકે છે. સંઘ સાથે મંડળીઓ ઓનલાઈન જોડાયેલી હોવાથી મંડળી વહીવટની પારદર્શકતામાં વધારો થયો છે. લોકોનો વિશ્વાસ મંડળીમાં વધુ સુદ્રઢ થવા લાગ્યો છે. આગામી સમયમાં તમામ મંડળીઓને સંઘ સાથે ઓનલાઈન કરવામાં આવનાર છે.

## વેબ બેઝડ વેટરનરી સપોર્ટ સિસ્ટમ :

વેબ બેઝ્ડ વેટરનરી સપોર્ટ સિસ્ટમ દ્વારા દૂધ ઉત્પાદકો માત્ર મીસકોલ દ્વારા વિઝીટ નોંધાવી શકે છે. આ સિસ્ટમ દ્વારા સંઘના દૂધ ઉત્પાદકો વેટરનરી ડૉકટરનો ઝડપી સંપર્ક કરી શકે છે સુગમ સમન્વયથી વિઝીટ ટાઈમમાં થતા વિલંબને દૂર કરી શકાયો છે.

## ભવિષ્યની યોજનાઓ :

**નવીન પાવડર પ્લાન્ટ :** સંઘના પાવડર પ્લાન્ટ ૪૦ વર્ષ થી વધુ જૂના થઈ ગયા છે અને સમયાંતરે થતા ઘસારા અને ટેકનોલોજી પરિવર્તનને કારણે તેની કાર્યક્ષમતામાં પણ ઘટાડો થઈ ગયો છે. પાવડર એ દૂધ ઉત્પાદન ક્ષેત્રમાં બહુઉપયોગી પેદાશ





છે. જેનો ઉપયોગ ખાદ્યપેદાશની સાથે સાથે સંગ્રહ ઉદ્દેશથી પણ કરાય છે. આમ સંઘને હવે નવીન પાવડર પ્લાન્ટની જરૂરીયાત ઉદ્દભવેલી છે. સંઘે આ દિશામાં ભવિષ્યની જરૂરીયાતોને આધારે ૧૦૦/૧૫૦ મે.ટનની ક્ષમતા ધરાવતો પ્લાન્ટ બનાવવાની યોજના હાથ ધરેલ છે. આ પાવડર પ્લાન્ટની યોજનાનો ખર્ચ અંદાજે રૂા. ૩૦૦–૪૦૦ કરોડ છે.

**ગોડાઉન :** સંઘમાં સીઝન દરમ્યાન દૂધના પાવડરનો જથ્થો થવાથી દૂધના પાવડરના સંગ્રહ માટે નવીન ગોડાઉનની જરીયાત ઉભી થઈ છે. સંઘના બોરીયાવી ખાતે બંધ થયેલ પશુઆહાર કારખાનાનો ઉપયોગ દૂધના પાવડરના સંગ્રહ માટે ગોડાઉન તરીકે કરવાની યોજના છે.

**કોલ્ડ સ્ટોરેજ :** સંઘના સીઝન દરમ્યાન દૂધના પાવડરની જેમજ સફેદ માખણ (વ્હાઈટબટર) નો જથ્થો પણ વધારે થવાથી સંગ્રહ માટે નવીન કોલ્ડ સ્ટોરેજની જરૂરીયાત ઉદ્દભવી છે. સંઘના બોરીયાવી ખાતે બંધ થયેલ પશુઆહાર કારખાનામાં ૨૦૦૦ મે.ટનનો ક્ષમતા ધરાવતો કોલ્ડ સ્ટોરેજ બનાવવાનો યોજના છે. જેનો હાલમાં સફેદ માખણ (વ્હાઈટબટર) ને બહાર ભાડાપટ્ટે થી રાખવામાં આવતા કોલ્ડસ્ટોરેજને લીધે થતા ખર્ચા, ગુણવત્તા અને સલામતી પર થતી અસર ને નિયંત્રિત કરી શકાય.

## પશુપાલન વ્યવસાયના ઉત્થાન અને આર્થિક ઉપાર્જન માટેની કામગીરી :

દૂધ સંઘની શાખાઓ પર પ્રગતિના પુષ્પો ત્યારે જ ખીલશે જયારે તેના મૂળિયાં મજબૂત સંપૂર્ણતઃ પોષીત હશે. દૂધ મંડળીઓ, પશુઓ તથા તેની સાથે જોડાયેલા દરેક દૂધ ઉત્પાદકો સંઘ માટે મૂળિયાં છે. સંઘમાં તેમના મૂળિયાં મજબૂત કરવા દૂધ મંડળીઓ, દૂધ ઉત્પાદકો અને દૂધ સંઘનો મુખ્ય આધાર કે જેના વિકાસ અને જાળવણી વગર દૂધ ઉત્પાદકનો વિકાસ થઈ જ ન શકે, તેવા પશુઓની સારવાર અને ઉત્પાદકતા વધારવા માટે અનેક યોજનાઓ અમલમાં મુકેલી છે.

| ક્રમ | યોજનાનુ નામ | લાભાર્થીઓની સંખ્યા | સહાયની રકમ(રૂા.લાખમાં) |
|---|---|---|---|
| ૧. | મંડળી મકાન બાંધકામ | ૬ | ૨.૧૦ |
| ૨. | મંડળી રંગરોગાન | ૧૦ | ૧.૮૬ |
| ૩. | બલ્ક કુલર સહાય | ૩૧ | ૨૯૨.૭૯ |
| ૪. | એ.એમ.સી.એસ.સહાય | ૫૦ | ૪૦.૦૦ |
| ૫. | મિલ્કીંગ મશીન સહાય | ૧૩૪ | ૨૧.૮૯ |
| ૬. | ચાફ કટર સહાય | ૧૪૯ | ૧૧.૫૬ |
| | **કુલ સહાય** | | **૩૭૦.૨૦** |

## પ્રગતિશીલ દૂધ ઉત્પાદન વિકાસ કાર્યક્રમ

પશુમાલિક પોતાનો ધંધો નફાકારક બનાવી શકે તે માટે ૬ દિવસની ટ્રેનીંગનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આપણે ૧૩૦૬ પશુમાલિકોને ટ્રેનીંગ આપવામાં આવેલી છે.

## શુદ્ધ સંવર્ધન કાર્યક્રમ

આ પ્રોગ્રામ અંતર્ગત ૧૦૦ટકા એચ.એફ. ઈમ્પોર્ટેડ સીમેનના ડોઝનો ઉપયોગ દિવસનું ૨૦ લીટર કે તેનાથી વધારે દુધ આપતી ગાયમાં સબસીડીના દરે રૂા. ૨૦૦ ની કિંમતથી બીજદાન કરી આપવામાં આવે છે. ૪૮૨૩ સીમેન ડોઝનું વિતરણ કરેલ છે. જેનો ઉપયોગ ૧૯૭૫ પશુઓ માટે થયેલ છે. જે અંતર્ગત ૬૩૭ ગાભણ છે અને ૪૦૪ પશુઓમાં વિયાણ થયેલ છે. આ જ




રીતે સેકસ્ડ સીમેન ડોઝ અંતર્ગત ૧૦૦૦ ડોઝનું સબસીડીનાં દરે રૂા.૬૦૦ની કિંમતથી વિતરણ કરવામાં આવેલ જેનો ઉપયોગ ૪૧૫ પશુઓમાં કરેલ છે. જેમાં ૯૬ ગાભણ છે અને ૪૩ પશુઓમાં વિયાણ થયેલ છે. જેમાં ૩૮ વાછરડી અને ૫ વાછરડાં છે. પશુસંવર્ધનએ પશુપાલનમાં ઓલાદ સુધારણા માટેની સૌથી અગત્યની અને આવશ્યક બાબત છે. દૂધસાગર ડેરી દ્વારા સને ૧૯૭૯થી પશુસંવર્ધન કેન્દ્ર ચલાવવામાં આવે છે. જગુદણ ખાતેના પશુસંવર્ધન કેન્દ્રમાંથી ઓલાદની માદા પશુના નર બચ્ચાને ત્રણ થી છ માસ જેટલી નાની ઉંમરે લાવી અત્યંત આધુનિક અને વૈજ્ઞાનિક રીતે કેળવવામાં આવ્યા બાદ તેનામાંથી વીર્ય બીજ એકત્ર કરી તેને થીજવીને કુત્રિમ વીર્યદાન ડોઝ તૈયાર કરવામાં આવે છે. દૂધ મંડળી ના કર્મચારીઓને કુત્રિમ બીજદાન ની સઘન તાલીમ આપી દરેક દૂધ મંડળી ખાતે કૃત્રિમ બીજદાન કેન્દ્ર ચલાવવામાં આવે છે. મહેસાણી ભેંસની ઓલાદની સુધારણા માટે પણ "સંતતિ પરીક્ષણ" કાર્યક્રમ ચલાવવામાં આવે છે. સિમેન સ્ટેશન જગુદણને ભારત સરકારશ્રી દ્વારા સતત "એ" ગ્રેડથી સન્માનિત કરેલ છે અને તે આઇ.એસ. ઓ. ૯૦૦૧: ૨૦૦૮થી પ્રમાણિત છે. ભારત સરકારશ્રીના સીમેન સ્ટેશનના ઓડીટમાં પશુસંવર્ધન કેન્દ્ર જગુદણ નો ગુજરાતમાં પ્રથમ નંબર આવેલ છે અને ભારતમાં ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે. જેનું દૂધસાગર ડેરીને ગૌરવ છે.

## રસીકરણ

દૂધ વ્યવસાયમાં પશુઓના સ્વાસ્થ્યની તકેદારી સૌથી અગત્યની બાબત છે. જેથી દૂધસાગર ડેરી દ્વારા શરૂઆતથી જ ભાર મુકવામાં આવ્યો છે. વર્ષ દરમ્યાન ખરવા– મોવાસા, ગળસૂંઢો, ગાંઠીયોતાવ, ચેપી ગર્ભપાત અને હડકવા જેવા રોગો સામે રક્ષણ માટે રસીકરણ કરવામાં આવે છે. આ ઉપરાંત વર્ષમાં એક વખત સામૂહિક કૃમિનિવારણ કાર્યક્રમ કરવામાં આવે છે.

## સંતતિ પરીક્ષણ યોજના (પી.ટી.પ્રોજેકટ)

મહેસાણી ભેંસોમાં ઓલાદ સુધારણા માટે દૂધસાગર ડેરી અને દૂરડાના સહયોગથી ૧૯૮૫ થી "સંતતિ પરીક્ષણ યોજના" (પી.ટી.પ્રોજેકટ) અમલમાં મૂકેલ છે. ડિસેમ્બર ૨૦૧૨ થી એન.ડી.ડી.બી. સંચાલિત ભારત સરકારના નેશનલ ડેરી પ્લાન–૧ અંતર્ગત વિશ્વ બેંક સાથે ૧૨.૬૫ કરોડની (સંપૂર્ણ ગ્રાન્ટ) સહાયથી છ વર્ષ માટે સદર પ્રોજેકટ મંજૂર થયેલ છે. હાલમાં કુલ ૧૦૦ દૂધ મંડળીઓમાં પ્રોજેકટ ચાલુ છે.

## પશુઆહાર સમતોલન કાર્યક્રમ (આર.બી.પી.)

દૂધાળાં પશુઓને તેના શરીરના નિભાવ અને દૂધ ઉત્પાદન માટે વૈજ્ઞાનિક ઢબે કેટલા પ્રમાણમાં આહાર આપવો તેનો કાર્યક્રમ એન.ડી.ડી.બી. આણંદના સહયોગથી કુલ ૪૦૦ મંડળીઓમાં શરૂ કરેલ છે. તેમાંથી નીકળેલ તારણો મુજબ દૈનિક દૂધાળાં પશુ દીઠ રૂા.૧૨.૫૬/–જેટલો ફાયદો પશુઆહાર સમતોલનથી થાય છે. હાલમાં ૩૮૦ મંડળીઓમાં પ્રોગ્રામ કાર્યરત છે.

## ગળીયા નિયંત્રણ કાર્યક્રમ (એમ.સી.પી.)

૪૭ દૂધ મંડળીમાં પ્રોગ્રામ શરૂ કરેલ છે. જેમાં ૧૨૭૩૭ દૂધ ઉત્પાદકોનાં દૂધનાં સેમ્પલ મંડળી ખાતે છૂપા ગળીયા માટે ચેક કરવામાં આવેલ જેમાંથી પોઝીટીવ આવેલા ૧૬૬૭૦ પશુઓમાં ચકાસણી કરેલ છે. અને તેમાં પોઝીટીવ આવેલા પશુઓને ફક્ત ૧૦૦ ગ્રામ ટ્રાઇ સોડિયમ સાઇટ્રેટ દવાનો ઉપયોગ કરીને જ આ રોગનું નિયંત્રણ કરવામા આવેલ છે.



ગળીયા માટેની દેશી પદ્ધતિથી સારવાર ઈથનોવેટ

## પશુ દૂધ ઉત્પાદકતા વૃદ્ધિ કાર્યક્રમ (પેપ)

મહત્તમ દૂધ પ્રાપ્તિવાળી પ્રથમ ૩૬૪ દૂધ મંડળીઓમાં આ કાર્યક્રમ ચાલુ કરવામાં આવેલ છે. જે તે મંડળીના તમામ પશુઓની બીજદાન, ખાલી ગાભણ તથા વિયાણની માહિતી કડી નંબર સાથે ઓનલાઈન નાંખવામાં આવે છે. જેથી કરીને આપણને પ્રથમ વિયાણની ઉંમર અને બે વિયાણ વચ્ચેના સમયગાળાની સચોટ માહિતી મળતી રહે અને તે ઓછો કરી શકાય.

## પાડી–વાછરડી ઉછેર કાર્યક્રમ (સી.આર.પી.)

દૂધના ધંધામાં પાડી–વાછરડી એ પાયાની જરૂરિયાત હોઈ, તેનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર થાય તે હેતુથી ચાલુ વર્ષે કુલ ૩૪૫ જેટલી દૂધ મંડળીઓમાં આ કાર્યક્રમ અમલી બનાવેલ છે. તેમાં સબસીડીથી મિલ્ક રીપ્લેસર, સાગર પાડીદાણ અને વહેલું વિયાણ થાય તો તેવી પાડીના માલિકને પ્રોત્સાહન ઈનામ પણ આપવામાં આવે છે. ચાલુ સાલે ૬૭૦૦ પાડી–વાછરડીનો આ પ્રોગ્રામમાં સમાવેશ થયેલ છે. ૪૧૬ માલિકોને પ્રોત્સાહન ઈનામ આપેલ છે.

## પશુ પ્રજનન ક્ષમતા સુધારણા કાર્યક્રમ :

જે ૩૬૪ દૂધ મંડળીમાંથી મહત્તમ દૂધ પ્રાપ્ત થાય છે ત્યાં પડતર પશુઓનું પ્રમાણ ઘટાડવા માટે આ કાર્યક્રમ અંતર્ગત દૂધ મંડળી ઉપર જુલાઈ થી માર્ચ મહિના સુધીમાં પશુવંધ્યત્વ નિવારણ માટે ચાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. ૨૦૧૭–૧૮ માં ૧૨૯૫ કેમ્પમાં ૪૪૪૪૨ કેસમાં સારવાર આપવામાં આવેલ જેમાં ૩૧૭૭૫ પશુઓનો સમાવેશ થયેલ છે.


FIP પ્રોગ્રામ અંતર્ગત ફર્ટિલીટી કેમ્પ

## સેકસડ સીમેન ટેકનોલોજી :

દૂધસાગર ડેરીનું જગુદણ પશુસંવર્ધન કેન્દ્ર એ ગુજરાતમાં પ્રથમ સ્થાને અને ભારતમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે જેના પરિણામે તેની સેકસીંગ ટેકનોલોજી (લિંગ પરિક્ષણ આધારીત પધ્ધતિ કે જેમાં તૈયાર થયેલ ડોઝથી કૃત્રિમ બીજદાનમાં માત્ર પાડી અને વાછરડી જ જન્મે) સ્થાપિત કરવા માટે પસંદગી થઈ છે. આ ટેકનોલોજીના ઉપયોગથી પાડી અને વાછરડીઓની સંખ્યામાં વધારો થશે અને જેના ફળસ્વરૂપ દૂધ ઉત્પાદનમાં વધારો થશે.

## વ્યૂહાત્મક પાડી વાછરડી ઉછેર કેન્દ્ર, ચરાડા

દૂધસંઘના કાર્યવિસ્તારમાં આદર્શ પાડી વાછરડી ઉછેર કાર્યક્રમ હેઠળ, શંકર ગાયની વાછરડીનું ૩૦ મહિનામાં વિયાણ થાય તેવું માપદંડ નક્કી કરેલ હતું. તેના કરતાં પણ વહેલું વિયાણ થાય તેવા પ્રયત્ન સાથે ચરાડા ખાતે વ્યૂહાત્મક પાડી વાછરડી ઉછેર કેન્દ્ર શરૂ કર્યું છે. જેમાં હાલ ૧૬ વાછરડીઓનો ઉછેર ચાલુ છે. જેનો સરેરાશ વૃધ્ધિદર ૬૦૦ ગ્રામ ઉપર છે.

**હેતુ :-** ઓછા ખર્ચે વૈજ્ઞાનિક પદ્ધતિથી વાછરડીનો ઉછેર કરી વાછરડીને ચોક્કસ વજન સાથે વહેલું વિયાણ થાય તે આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ છે. દૂધસાગર ડેરીના પશુપાલકો પાડી વાછરડી ઉછેર


પાડી વાછરડી ઉછેર કેન્દ્ર, ચરાડા

કાર્યક્રમમાં વધારે રસ દાખવતા થાય તો જીલ્લા બહારથી ગાય-ભેંસની ખરીદી કરવી ન પડે.

**વાછરડી પસંદગીના માપદંડ :-** દૂધસંઘના કાર્યવિસ્તારમાં જે પશુઓને ૧૦૦% એચ.એફ.ઈમ્પોર્ટેડ અને સેક્સ સીમેન ડોઝ થી બીજદાન કર્યું હોય અને તે થકી જન્મેલ વાછરડી જેની ઉંમર ૧-૪ મહિના સુધીની હોય અને તેનું વજન આદર્શ વજનના કોષ્ટક પ્રમાણે આવતું હોય તેવી વાછરડીઓની પસંદગી કરેલ છે. ભવિષ્યમાં પસંદગીના માપદંડમાં ફેરફાર થઈ શકે છે.

## આભાર દર્શન

દૂધ ઉત્પાદકોએ અમારા પર સંપૂર્ણ વિશ્વાસ મુકયો છે અને તેમને વિશ્વાસ છે કે સંઘનુ સુકાન યોગ્ય વ્યકિતઓના હાથમા છે. આ વિશ્વાસને કાયમ જાળવી રાખવા માટે મારી પડખે સતત રહેવા તથા મારી જવાબદારીને સુગમ રીતે નિભાવવામાં સાથ આપવા બદલ નિયામક મંડળના મારા સાથી સભ્યોની હું ખૂબ આભારી છું.

ગુજરાત કો.ઓપ. મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના નિયામક મંડળનો પણ તેમના સહકાર બદલ આભાર માનું છું અને આવનારા સમયમાં ફેડરેશન પાસેથી વધુ સહકાર મળી રહેશે તેવી અપેક્ષા રાખું છું.

સંઘની દૂધ મંડળીઓ, દૂધ ઉત્પાદકોના વિકાસ અને પશુઓની સારવારને જાળવણી અર્થે ભારત સરકાર અને ગુજરાત સરકારના સંબંધિત તમામ ખાતાઓ અને વિભાગોનો સહકાર બદલ આભાર માનું છું.

સંઘના વેપાર ધંધાને ગતિશીલ રાખવા તથા વિકાસ માટેની હાથ ધરેલ યોજનામાં જરૂરી ભંડોળ પુરુ પાડવા માટે સંઘના તમામ બેન્કર્સનો આભાર માનું છું. સહકારી ક્ષેત્ર અને પશુપાલન ક્ષેત્રમાં વિવિધ કાર્યક્રમો માટે સહાય અને વખતો વખત મળેલા માર્ગદર્શન માટે એન.ડી.ડી.બી.નો આભાર માનું છું. સંઘના દૂધ ઉત્પાદકોના યુવાધનને ડેરી-શિક્ષણના માધ્યમથી વૈશ્વિકરણના પથ પર લઈ જવા માટે માનસિંહભાઈ ઈન્સ્ટિટયૂટ ઓફ ડેરી એન્ડ ફુડટેકનોલોજી કોલેજ, કંકુબા પશુપાલન વિદ્યાપીઠ અને ગણપત યુનિવર્સિટીના વહીવટકર્તાઓનો આભાર માનું છું.

સતત પડખે રહી સંઘની દૂધ મંડળીઓ, અને દૂધ ઉત્પાદકોના વિકાસ તથા પશુઓની સેવા કાજે હંમેશા સાથ આપવા માટે દૂધસાગર રિસર્ચ અને ડેવલોપમેન્ટ એસોસિએશન (દૂરડા) અને તેના નિયામક મંડળનો હૃદયપૂર્વક આભાર માનું છું.

દૂધ સંઘના નિયામક મંડળમાં વિશ્વાસ મુકવા બદલ તમામ દૂધ ઉત્પાદક મંડળીઓના પ્રમુખશ્રીઓ, મંત્રીશ્રીઓ, સહકારી આગેવાનો, વડીલો તથા તમામે દૂધ ઉત્પાદકોનો હૃદયપૂર્વક આભાર માનું છું. દૂધ સંઘ સાથે રહી સંઘની ઓડીટ કામગીરી તથા વખતો વખત જરૂર પડયે માર્ગદર્શન આપનાર આંતરીક ઓડીટરશ્રીનો આભાર માનું છું. દૂધ ઉત્પાદકો અને દૂધ સંઘની વચ્ચે કડી રૂપ ભાગ ભજવતા સંઘના તમામ કર્મચારીઓ તથા અધિકારીગણનો હૃદયપૂર્વક આભાર માનું છું.

નિયામક મંડળ વતી
શ્રીમતી આશાબેન એમ.ઠાકોર
ઈન્ચાર્જ ચેરમેન

સ્થળ : મહેસાણા






# નાણાકીય પત્રકો અન્વયે અન્વેષકનો સ્વતંત્ર અહેવાલ

અમોએ આ સાથે જોડેલ, શ્રી મહેસાણા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., દૂધ સાગર ડેરી, મહેસાણા જી.: મહેસાણા નું તારીખ: ૩૧–૩–૨૦૧૮ ના રોજનું સરવૈયું તથા તે તારીખે પુરા થતા વર્ષનું વેપાર અને નફા–નુકસાન ખાતું , નોંધપાત્ર નાણાકીય નીતિઓના સારાંશ તથા અન્ય ખુલાસાઓ તેમજ માહિતી તપાસ્યા છે.

**નાણાકીય પત્રકો અંગે મેનેજમેન્ટની જવાબદારીઓ :**

ધી ગુજરાત કો–ઓપરેટીવ સોસાયટીઝ એકટ,૧૯૬૧ અન્વયે નાણાકીય પત્રકો તૈયાર કરવાની જવાબદારી સંઘના મેનેજમેન્ટની છે. આ જવાબદારીમાં હિસાબોની રૂપરેખા, અમલીકરણ અને નાણાંકીય પત્રકો તૈયાર કરવા જરૂરી આંતરીક અંકુશ નિભાવવા કે જે ભૂલ, છેતરપીંડી તેમજ નોંધપાત્ર ખોટી રજૂઆતોથી મુક્ત હોય છે તે રીતે તેનો સમાવેશ થાય છે.

**અન્વેષકની જવાબદારી :**

અમારી જવાબદારી અમારા ઓડિટ પર આધારીત સદરહુ નાણાંકીય પત્રકો પર અભિપ્રાય વ્યકત કરવાની છે. અમે અમારું ઓડિટ ધી ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરેલ ઓડિટના ધારા–ધોરણો અનુસાર કરેલ છે. આ ધારા–ધોરણો અનુસાર એ આવશ્યક છે કે અમો અમારા ઓડિટનું આયોજન અને તેનું અમલીકરણ નૈતિક જરૂરીયાતોનું પાલન કરીને નાણાંકીય પત્રકો નોંધપાત્ર ખોટી રજૂઆતોથી મુક્ત છે તે અંગેની વાજબી ખાતરી મેળવીએ.

ઓડિટમાં નાણાકિય પત્રકોમાં સમાવિષ્ટ રકમ તથા જાહેર કરવા વિશે ઓડિટના પુરાવા મેળવવાની કાર્યવાહીનો સમાવેશ થાય છે. આવી કાર્યવાહીની પસંદગી ઓડિટરના નિર્ણયો તેમજ નાણાંકીય પત્રકોમાં નોંધપાત્ર ખોટી રજૂઆતો હોવાના જોખમ કે જે ભૂલ કે છેતરપીંડીથી થયેલ હોય તેના ઉપર આધારીત છે. આ રીતની આકારણી કરતી વખતે ઓડિટર ઓડિટ કાર્યવાહીની રૂપરેખા તૈયાર કરવા માટે, સંઘ દ્વારા નાણાંકીય પત્રકો બનાવવા માટેના તથા તેની વાજબી રજુઆત માટેના, આંતરિક અંકુશોને ધ્યાનમાં લે છે. ઓડીટમાં આ રીતે નાણાંકીય પત્રકો માટેની નાણાકીય નીતિઓની સમીક્ષા તથા મેનેજમેન્ટ દ્વારા કરેલા નાણાંકીય અંદાજોનું વાજબીપણું તેમજ સમગ્ર નાણાંકીય પત્રકોની પ્રસ્તુતિની સમીક્ષાનો સમાવેશ થાય છે, અમે માનીએ છીએ કે, અમારા ઓડિટ અભિપ્રાયના આધાર માટે અમોએ મેળવેલ ઓડિટ પુરાવા પુરતા અને યોગ્ય છે.

**અભિપ્રાય :**

અમારા ઓડિટ રીપોર્ટ ,હિસાબી નોંધો અને તેમાં દર્શાવેલ ખામીઓ સુચનોને આધીન તથા અમારી જાણકારી અને માહિતિ મુજબ તેમજ અમને મળેલ ખુલાસાઓને અનુસાર તારીખ : ૩૧–૦૩–૨૦૧૮ ના રોજ પુરા થતા વર્ષ માટે શ્રી મહેસાણા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમીટેડના નાણાકીય પત્રકો તમામ જરૂરી દ્રષ્ટિકોણથી ધી ગુજરાત કો–ઓપરેટીવ સોસાયટીઝ એકટ,૧૯૬૧ ની જોગવાઈઓને આધારે બનાવેલ છે .

**અન્ય બાબત :**

એકાઉન્ટીગ સ્ટાન્ડર્ડ – ૧૫ મુજબ સંઘે તેના નાણાકીય પત્રકોમાં કર્મચારીઓના લાભ જેવા કે હકક રજા પગાર વિગેરે અન્વયે યોગ્ય પ્રસ્તુતિ કરેલ નથી,આવી બિન પ્રસ્તુતિથી સંઘના વેપાર અને નફા–નુકશાન ઉપર કોઇ અસર પડતી નથી.

તારીખ : ૧૦–૦૮–૨૦૧૮
સ્થળ : મહેસાણા

**કિંજલકુમાર એમ ચૌધરી**
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
મેમ્બરશીપ નં–૧૩૩૩૮૮, પેનલ નં–૧૯૬




# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,

## તા.૩૧.૦૩.૨૦૧૮ના

| તા. ૩૧-૦૩-૨૦૧૭ રૂપિયા | ફંડ તથા દેવાં | રૂપિયા | તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂપિયા |
|---|---|---|---|
| | **સત્તાવાર શેર ભંડોળ** | | |
| ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ | રૂ.૧૦૦/–નો એક એક (એવા ૧૦૦,૦૦,૦૦૦ શેર) | | ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ |
| ૮૬,૦૬,૪૩,૮૦૦ | **ભરપાઈ થયેલ શેર ભંડોળ** | | ૯૮,૨૪,૧૪,૯૦૦ |
| | **અનામતો** | | |
| ૩૩,૫૯,૬૨,૮૪૫ | અનામત ફંડ (પરિશિષ્ટ–એ) | ૩૩,૫૯,૬૨,૮૪૫ | |
| ૧૨,૩૧,૫૬,૦૧૩ | અન્ય ફંડ (પરિશિષ્ટ–એ) | ૧૨,૬૭,૨૮,૫૫૭ | |
| ૧૮,૧૨,૨૫,૨૦૪ | એન.ડી.ડી.બી.ગ્રાન્ટ/સબસીડી (પરિશિષ્ટ–એ) | ૧૮,૨૫,૪૦,૪૭૩ | |
| ૧૦,૪૧,૪૪,૯૬૯ | શકમંદ લ્હેણા જોગવાઇ | ૧૦,૪૧,૪૪,૯૬૯ | |
| ૩,૬૪,૧૯,૦૩,૯૫૭ | એસેટ રીવેલ્યુશન રીઝર્વ | ૩,૬૪,૧૯,૦૩,૯૫૭ | |
| ૪,૩૮,૬૩,૯૨,૯૮૮ | | | ૪,૩૯,૧૨,૮૦,૮૦૧ |
| ૪૦,૪૮,૮૩,૫૭૭ | ડિફર્ડ ટેક્ષ જોગવવાઇ | | ૪૯,૨૪,૫૮,૦૫૦ |
| | **લોન : (સિક્યોર્ડ)** | | |
| ૧૪,૫૦,૩૦,૮૬૨ | બેંક ઓફ બરોડા કેશ ક્રેડીટ | ૭,૪૨,૨૯,૪૦૪ | |
| ૧૫,૩૪,૭૬,૪૨૨ | બેંક ઓફ ઈન્ડિયા કેશ ક્રેડીટ | ૧૫,૧૫,૧૯,૪૧૭ | |
| ૧૯,૫૮,૮૬,૪૫૧ | એચ.ડી.એફ.સી. બેંક–કેશ ક્રેડીટ | ૬૪,૭૫,૨૧,૬૨૩ | |
| ૨૨,૭૧,૯૭,૯૯૫ | આઈસીઆઈસીઆઈ બેક્ર–કેશ ક્રેડીટ | ૭૭,૮૨,૨૦,૧૧૦ | |
| ૫,૬૦,૫૩,૪૦૪ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા કેશ ક્રેડીટ (સ્થાયી મિલ્કતોના હાઈપો.સામે) | ૧,૬૩,૩૫,૩૪,૩૧૦ | |
| ૮૯,૯૯,૭૮,૫૮૭ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા–ટર્મ લોન | ૭૫,૯૯,૭૮,૫૮૭ | |
| ૪૬,૪૨,૮૬,૭૦૦ | બેંક ઓફ બરોડા ટર્મ લોન (સ્થાયી મિલ્કતોના હાઈપો.સામે) | ૩૨,૧૪,૩૦,૭૦૦ | |
| ૧૯,૬૪,૨૮,૫૬૯ | આઈસીઆઈસીઆઈ બેંક ટર્મ લોન | ૧૨,૪૯,૯૯,૯૯૭ | |
| ૧,૪૬,૫૫,૨૦,૮૬૩ | એચડીએફસી બેંક ટર્મ લોન | ૧,૧૭,૬૬,૫૩,૪૧૩ | |
| ૮૬,૫૪,૨૬,૦૭૯ | એચડીએફસી બેંક ટર્મ લોન | ૬૨,૨૩,૦૨,૨૦૬ | |
| ૨૨,૨૮,૫૭,૨૦૦ | એન.સી.ડી.સી. ટર્મ લોન | ૧૯,૬૧,૫૯,૮૦૦ | |
| ૪,૮૯,૨૧,૪૩,૧૩૨ | | | ૬,૪૮,૬૫,૪૯,૫૬૭ |
| | **લોન : (અનસિક્યોર્ડ)** | | |
| | **બેંક શોર્ટ ટર્મ લોન** | | |
| ૩૨,૦૦,૦૦,૦૦૦ | ઈન્ડસઈન્ડ બેંક | ૨,૦૦,૦૦,૦૦,૦૦૦ | |
| ૧,૫૦,૦૦,૦૦,૦૦૦ | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા | – | |
| ૩૩,૦૦,૧૦,૦૧૮ | પંજાબ નેશનલ બેંક | ૩૫,૪૨,૭૧,૫૨૮ | |
| – | ફેડરલ બેંક | ૧,૦૦,૦૦,૦૦,૦૦૦ | |
| ૨,૨૫,૦૦,૦૦,૦૦૦ | એચડીએફસી બેંક | ૨,૭૫,૦૦,૦૦,૦૦૦ | |
| ૨૫,૦૦,૦૦,૦૦૦ | એક્સીસ બેંક | ૩,૦૦,૦૦,૦૦,૦૦૦ | |
| ૪,૬૫,૦૦,૧૦,૦૧૮ | | | ૯,૧૦,૪૨,૭૧,૫૨૮ |
| | **ચાલુ દેવાં અને જોગવાઈઓ** | | |
| ૫૦,૦૦,૦૦,૦૦૦ | એડવાન્સ–જી.સી.એમ.એમ.એફ | – | |
| ૧,૦૭,૨૦,૭૪,૯૧૧ | ડિપોઝીટસ | ૧,૨૦,૨૨,૭૮,૦૮૧ | |
| ૨૦,૮૦૭ | અનપેઈડ ડિવિડન્ડ | ૨૦,૮૦૭ | |
| ૨,૪૬,૭૩,૧૧,૪૯૨ | દૂધ મંડળી દેવાં | ૧,૩૫,૮૯,૮૫,૪૮૭ | |
| ૨૬,૦૪,૭૦,૮૭૨ | ખર્ચ સામે દેવાં | ૨૬,૨૦,૧૬,૩૭૬ | |
| ૧૨,૭૦,૧૦,૮૬૩ | ખરીદી સામે દેવાં | ૨,૭૨,૫૩,૮૭૧ | |
| ૧૨,૫૯,૮૯,૧૬૦ | પરચુરણ દેવાં | ૨૯,૩૧,૪૧,૬૨૩ | |
| – | ઈન્કમ ટેક્ષ જોગવાઈ | ૨,૯૪,૧૧,૦૭૦ | |
| ૨૫,૫૫,૮૯,૩૩૮ | શંકમદ લ્હેણા જોગવાઇ | ૨૫,૫૫,૮૯,૩૩૮ | |
| ૨૯,૧૨,૯૩,૬૧૭ | આકસ્મીક જવાબદારીઓની જોગવાઈઓ | ૩૬,૮૩,૨૩,૩૬૪ | |
| ૫,૦૯,૯૭,૬૧,૦૬૦ | | | |
| | | | ૩,૭૯,૭૦,૨૦,૦૧૭ |
| ૧૬,૯૫,૧૯,૬૭૨ | નફા–નુકશાન ખાતું ૨૦૧૬–૧૭ | | ૧૬,૯૫,૧૯,૬૭૨ |
| – | નફા–નુકશાન ખાતું ૨૦૧૭–૧૮ | | ૧૬,૯૯,૩૦,૩૫૫ |
| **૨૦,૪૬,૩૩,૫૪,૨૪૭** | **કુલ રૂપિયા.....** | | **૨૫,૫૯,૩૪,૪૪,૮૯૦** |

નોંધ : જરૂરીયાત મુજબ પાછળના વર્ષના આંકડાઓનું રીગ્રુપીંગ કરવામાં આવેલ છે.

સ્થળ : મહેસાણા

સહી : એલ.એમ. જાગેટિયા
જનરલ મેનેજર (એકાઉન્ટ્સ)

નિશિથ જે. બક્ષી
મેનેજીંગ ડીરેક્ટર

કિંજલકુમાર એમ. ચૌધરી
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
મેમ્બરશીપ નં–૧૩૩૩૮૮, પેનલ નં–૧૯૬

સહી: શ્રીમતી આશાબેન મહિપાલસિંહ ઠાકોર — ઈ.ચેરમેન
સહી: શ્રીમતી સુરજબેન પ્રભુદાસ ચૌધરી — નિયામક
સહી: શ્રી વાઘુભાઈ વરવાભાઈ દેસાઈ — નિયામક




# દૂધસાગર ડેરી, મહેસાણા-૩૮૪૦૦૨.
## રોજનું સરવૈયું

| તા. ૩૧-૦૩-૨૦૧૭ રૂપિયા | મિલ્કત તથા લેણાં | રૂપિયા | તા. ૩૧-૦૩-૨૦૧૮ રૂપિયા |
|---|---|---|---|
| | **સ્થાયી મિલ્કત** | | |
| ૧૬,૬૮,૨૩,૫૮,૯૭૩ | ગ્રોસ બ્લોક (પરિશિષ્ટ–બી) | ૧૬,૮૩,૧૬,૮૦,૧૨૮ | |
| –૪,૪૭,૨૧,૬૯,૩૮૩ | બાદ : ઘસારા ફંડ (પરિશિષ્ટ–બી) | –૫,૦૨,૬૬,૮૨,૦૨૦ | |
| ૧૨,૨૧,૦૧,૮૯,૫૯૦ | નેટ બ્લોક | | ૧૧,૮૦,૪૯,૯૮,૧૦૮ |
| ૫,૩૪,૫૫,૧૦૪ | ચાલુ બાંધકામ–મશીનરી | | ૫,૪૬,૯૧,૫૦૦ |
| | **રોકાણ : (પડતર કિંમતે)** | | |
| ૨૯,૮૩,૮૮,૦૨૦ | શેર રોકાણ (જી.સી.એમ.એમ.એફ.ના ૮૫,૬૫૦ બોનસ શેર સહિત) | ૩૭,૮૯,૮૨,૦૨૦ | |
| ૩૦,૦૦૦ | નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ | ૩૦,૦૦૦ | |
| ૨૯,૮૪,૧૮,૦૨૦ | | | ૩૭,૯૦,૧૨,૦૨૦ |
| | **સ્ટોક** | | |
| | **(અ) તૈયાર માલ તથા અર્ધ તૈયાર માલ** | | |
| ૪,૨૪,૦૫,૫૪,૬૩૭ | તૈયાર માલ | ૮,૭૮,૫૨,૦૩,૨૧૯ | |
| ૩૭,૨૨,૨૫,૭૫૫ | અર્ધ તૈયાર માલ | ૪૭,૩૭,૪૬,૮૯૮ | |
| ૫,૩૯,૩૪,૭૩૫ | દૂધનો સ્ટોક | ૪,૦૯,૬૮,૨૮૦ | |
| ૪,૬૬,૬૭,૧૫,૧૨૭ | | | ૯,૨૯,૯૯,૧૮,૩૯૭ |
| | **(બ) પ્રોસેસીંગ સ્ટોક** | | |
| ૩૮,૨૫,૪૮,૨૭૪ | સ્ટોર્સ સ્ટોક | ૪૪,૭૩,૦૬,૨૫૩ | |
| ૩૯,૪૦,૨૫,૦૮૪ | કાચા માલનો સ્ટોક | ૧૬,૮૮,૮૬,૦૭૫ | |
| ૭૭,૬૫,૭૩,૩૫૮ | | | ૬૧,૬૧,૯૨,૩૨૮ |
| | **વ્યાપારી લ્હેણાં (વસુલાતપાત્ર)** | | |
| ૧,૮૩,૨૯,૨૮,૧૪૦ | વ્યાપારી લ્હેણાં | ૨,૪૧,૫૨,૫૮,૪૩૭ | |
| ૧,૮૩,૨૯,૨૮,૧૪૦ | | | ૨,૪૧,૫૨,૫૮,૪૩૭ |
| | **લોન અને એડવાન્સીઝ** | | |
| ૨,૧૯,૨૬,૭૭૯ | ડિપોઝીટસ | ૨,૯૫,૧૭,૭૭૪ | |
| ૨૮,૧૯,૬૪,૬૬૧ | એડવાન્સીઝ | ૪૪,૭૫,૮૯,૨૫૫ | |
| ૧,૯૨,૮૫,૧૩૫ | પરચુરણ લ્હેણાં | ૨,૯૭,૮૫,૨૦૦ | |
| ૧૧,૮૮,૫૪,૩૭૯ | એડવાન્સ ઈન્કમટેક્ષ | ૧૪,૯૩,૨૧,૧૮૮ | |
| ૪૪,૨૦,૩૦,૯૫૪ | | | ૬૫,૬૨,૧૩,૪૧૭ |
| | **રોકડ અને બેંક સિલક** | | |
| ૧,૮૧,૨૨૭ | રોકડ અને રોકડ સમકક્ષ | ૧,૬૪,૬૫૪ | |
| ૮,૩૬,૦૭,૦૧૭ | બેંક સિલક | ૨૫,૪૫,૬૫,૭૬૪ | |
| ૯,૯૨,૫૫,૭૧૦ | બાંધી મુદતની થાપણ | ૧૧,૨૪,૩૦,૨૬૫ | |
| ૧૮,૩૦,૪૩,૯૫૪ | | | ૩૬,૭૧,૬૦,૬૮૩ |
| ૨૦,૪૬,૩૩,૫૪,૨૪૭ | **કુલ રૂપિયા.....** | | ૨૫,૫૯,૩૪,૪૪,૮૯૦ |

સહી: શ્રી ઘનશ્યામસિંહ પરબતસિંહ વાઘેલા નિયામક
સહી: શ્રી મોંઘજીભાઈ વિસાભાઈ પટેલ નિયામક
સહી: શ્રી મેપાજી રૂપસંગજી ઠાકોર નિયામક

સહી: શ્રી દુરસિંહ ટેટસિંહ રાઠોડ નિયામક
સહી: શ્રીમતી ભગવતીબેન સકતાભાઈ ભરવાડ નિયામક
સહી: શ્રી કાન્તિલાલ ત્રિભોવનદાસ પટેલ નિયામક

સહી: શ્રી ઈશ્વરભાઈ દેવચંદદાસ પટેલ નિયામક
સહી: શ્રી મોંઘજીભાઈ ધનજીભાઈ પટેલ (ચૌધરી) નિયામક
સહી: શ્રી શંકરભાઈ જેસંગભાઈ ચૌધરી નિયામક




# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.,
## તા.૩૧.૦૩.૨૦૧૮ના રોજ પુરા થતા વર્ષનું

| ૨૦૧૬-૧૭ રૂપિયા | ખર્ચ | રૂપિયા | ૨૦૧૭-૧૮ રૂપિયા |
|---|---|---|---|
| | **ઉઘડતો સ્ટોક** | | |
| ૫,૨૨,૭૩,૦૭૭ | દૂધનો સ્ટોક | ૫,૩૯,૩૪,૭૩૫ | |
| ૪૪,૦૫,૫૧,૦૪૦ | અર્ધતૈયાર માલ | ૩૭,૨૨,૨૫,૭૫૫ | |
| ૪,૮૨,૭૭,૨૦,૭૫૧ | તૈયાર માલ | ૪,૨૪,૦૫,૫૪,૬૩૭ | |
| ૫,૩૨,૦૫,૪૪,૮૬૮ | કુલ સ્ટોક | | ૪,૬૬,૬૭,૧૫,૧૨૭ |
| ૩૧,૭૩,૨૦,૫૮,૧૨૩ | દૂધ ખરીદી | | ૩૫,૨૨,૦૪,૦૪,૮૮૯ |
| ૧,૨૮,૨૭,૭૧,૫૯૮ | ખરીદી, પરિવહન અને પ્રાપ્તિ ખર્ચ | | ૧,૨૩,૨૪,૯૦,૨૨૮ |
| ૬,૬૬,૮૨,૬૪,૭૧૩ | માલસામગ્રી વપરાશ | | ૫,૭૭,૪૮,૯૪,૯૦૩ |
| ૯,૨૭,૭૧,૫૪૬ | સહકાર વિકાસ ખર્ચ | | ૮,૨૧,૫૧,૪૪૮ |
| ૪૪,૮૫,૩૪,૬૬૨ | પ્રોસેસીંગ ખર્ચ | | ૬૦,૦૪,૩૨,૩૯૩ |
| ૭૫,૧૫,૯૨,૪૫૬ | પાવર અને બળતણ ખર્ચ | | ૯૦,૦૨,૯૧,૬૧૦ |
| ૫૭,૨૫,૮૩,૧૭૭ | પગાર અને વેતન | | ૭૭,૫૮,૬૦,૭૯૫ |
| ૨૧,૦૫,૯૦,૩૯૩ | પી.એફ., ગ્રેજ્યુઈટી, અન્ય સવલત | | ૩૩,૩૨,૮૧,૨૦૮ |
| ૨૨,૪૯,૦૩,૫૩૧ | મરામત અને નિભાવ ખર્ચ | | ૨૩,૩૬,૩૬,૨૬૭ |
| ૧૧,૮૯,૫૨,૮૪૮ | નૂર અને રવાનગી ખર્ચ | | ૧૨,૨૮,૬૫,૯૮૧ |
| ૧,૫૦,૪૭,૪૩૮ | માર્કેટીંગ ખર્ચ | | ૧,૭૬,૭૭,૨૪૪ |
| ૧,૪૪,૩૨,૭૨૪ | ટપાલ, ટેલીફોન, પ્રિન્ટીંગ અને સ્ટેશનરી | | ૧,૮૮,૭૭,૩૪૬ |
| ૧,૪૩,૯૬,૩૧૧ | વિમા પ્રિમીયમ | | ૧,૩૧,૬૭,૪૭૬ |
| ૨૪,૦૬,૮૯,૮૯૩ | ભાડા અને વેરા ખર્ચ | | ૧૧,૭૩,૯૮,૧૯૨ |
| ૪,૫૦,૯૭,૭૦૧ | અન્વેષણ ખર્ચ ફી | | ૪,૯૦,૨૯,૩૬૦ |
| ૪,૪૬,૮૯,૫૯૫ | પરચુરણ ખર્ચ | | ૪,૧૫,૧૦,૨૨૮ |
| ૯૭,૫૪,૪૪,૦૮૩ | વ્યાજ તથા બેંક કમિશન | | ૧,૦૮,૫૧,૦૫,૩૯૦ |
| ૫૯,૫૦,૮૭,૭૯૫ | ઘસારો | | ૫૫,૦૩,૩૩,૬૦૫ |
| ૩,૦૫,૬૨,૭૧૦ | શંકમદ લ્હેણા જોગવાઇ | | – |
| ૧૦,૦૬,૫૬,૫૮૧ | ઈન્કમટેક્ષ જોગવાઈ / ખર્ચ | | ૨,૯૪,૧૧,૦૭૦ |
| ૮,૪૮,૦૧,૩૨૨ | ડિફર્ડ ટેક્ષ જોગવાઇ | | ૮,૭૫,૭૪,૪૭૩ |
| ૧૬,૯૫,૧૯,૬૭૨ | ચોખ્ખો નફો | | ૧૬,૯૯,૩૦,૩૫૫ |
| **૪૯,૭૫,૩૯,૯૩,૭૪૦** | **કુલ રૂપિયા.....** | | **૫૨,૧૨,૩૦,૩૯,૫૮૮** |

નોંધ : જરૂરીયાત મુજબ પાછળના વર્ષના આંકડાઓનું રીગ્રુપીંગ કરવામાં આવેલ છે.

સ્થળ : મહેસાણા

સહી : એલ.એમ. જાગેટિયા
જનરલ મેનેજર (એકાઉન્ટ્સ)

નિશિથ જે. બક્ષી
મેનેજીંગ ડીરેક્ટર

કિંજલકુમાર એમ. ચૌધરી
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
મેમ્બરશીપ નં-૧૩૩૩૮૮, પેનલ નં-૧૯૬

સહી: શ્રીમતી આશાબેન મહિપાલસિંહ ઠાકોર — ઈ.ચેરમેન
સહી: શ્રીમતી સુરજબેન પ્રભુદાસ ચૌધરી — નિયામક
સહી: શ્રી વાઘુભાઈ વરવાભાઈ દેસાઈ — નિયામક




# દૂધસાગર ડેરી, મહેસાણા-૩૮૪૦૦૨.

## વ્યાપાર તથા નફા-નુકશાન ખાતું

| ૨૦૧૬-૧૭ રૂપિયા | આવક | રૂપિયા | ૨૦૧૭-૧૮ રૂપિયા |
|---|---|---|---|
| ૪૫,૦૦,૧૮,૪૨,૮૨૧ | વેચાણ | | ૪૨,૭૦,૭૧,૦૧,૯૩૫ |
| ૫,૫૩,૮૩,૫૯૦ | ડીવીડન્ડ આવક | | ૬,૬૨,૮૧,૮૮૬ |
| ૧,૩૨,૨૧,૧૩૫ | વ્યાજ આવક | | ૩,૧૨,૩૮,૩૦૨ |
| ૧,૬૮,૩૧,૦૬૭ | પરચુરણ આવક | | ૧,૮૪,૯૯,૦૬૮ |
| | **બંધ સ્ટોક** | | |
| ૫,૩૯,૩૪,૭૩૫ | દૂધનો સ્ટોક | ૪,૦૯,૬૮,૨૮૦ | |
| ૩૭,૨૨,૨૫,૭૫૫ | અર્ધ તૈયાર માલ | ૪૭,૩૭,૪૬,૮૯૮ | |
| ૪,૨૪,૦૫,૫૪,૬૩૭ | તૈયાર માલ | ૮,૭૮,૫૨,૦૩,૨૧૯ | |
| ૪,૬૬,૬૭,૧૫,૧૨૭ | કુલ સ્ટોક | | ૯,૨૯,૯૯,૧૮,૩૯૭ |
| ૪૯,૭૫,૩૯,૯૩,૭૪૦ | કુલ રૂપિયા..... | | ૫૨,૧૨,૩૦,૩૯,૫૮૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સહી: શ્રી ઘનશ્યામસિંહ પરબતસિંહ વાઘેલા | નિયામક | સહી: શ્રી દુરસિંહ ટેટસિંહ રાઠોડ | નિયામક | સહી: શ્રી ઈશ્વરભાઈ દેવચંદદાસ પટેલ | નિયામક |
| સહી: શ્રી મોંઘજીભાઈ વિસાભાઈ પટેલ | નિયામક | સહી: શ્રીમતી ભગવતીબેન સક્તાભાઈ ભરવાડ | નિયામક | સહી: શ્રી મોંઘજીભાઈ ધનજીભાઈ પટેલ (ચૌધરી) | નિયામક |
| સહી: શ્રી મેપાજી રૂપસંગજી ઠાકોર | નિયામક | સહી: શ્રી કાન્તિલાલ ત્રિભોવનદાસ પટેલ | નિયામક | સહી: શ્રી શંકરભાઈ જેસંગભાઈ ચૌધરી | નિયામક |




# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા-૩૮૪૦૦૨.

## પરિશિષ્ટ – એ સરવૈયાનો ભાગ

## રીઝર્વ ફંડ અને અન્ય ફંડો સને ૨૦૧૭-૧૮

| ફંડનું નામ | બાકી તા. ૩૧-૩-૨૦૧૭ રૂપિયા | વર્ષ દરમ્યાન ઉમેરો રૂપિયા | વર્ષ દરમ્યાન ઘટાડો રૂપિયા | બાકી તા. ૩૧-૩-૨૦૧૮ રૂપિયા |
|---|---|---|---|---|
| **રીઝર્વ ફંડ** | ૩૩,૫૯,૬૨,૮૪૫ | – | – | ૩૩,૫૯,૬૨,૮૪૫ |
| **અન્ય ફંડો** | | | | |
| જનરલ રીઝર્વ ફંડ | ૧૦,૯૦,૬૨,૮૮૧ | ૩૬,૭૨,૫૪૪ | – | ૧૧,૨૭,૩૫,૪૨૫ |
| ડબલ્યુ એફ.પી.ડેવલપમેન્ટ ફંડ | ૧૩,૬૮,૧૩૨ | – | – | ૧૩,૬૮,૧૩૨ |
| ધર્માદા ફંડ | ૧,૨૭,૨૫,૦૦૦ | – | – | ૧,૨૭,૨૫,૦૦૦ |
| શકમંદ લ્હેણાં તથા આકસ્મિક ખર્ચ ફંડ | ૧૦,૪૧,૪૪,૯૬૯ | – | – | ૧૦,૪૧,૪૪,૯૬૯ |
| કુલ | ૨૨,૭૩,૦૦,૯૮૨ | ૩૬,૭૨,૫૪૪ | – | ૨૩,૦૯,૭૩,૫૨૬ |
| **ગ્રાન્ટ / સબસીડી :** | | | | |
| સોલર વોટર હીટર પ્લાન્ટ (જીડા) | ૮,૪૯,૧૬૬ | – | – | ૮,૪૯,૧૬૬ |
| એન.ડી.ડી.બી.ઓપરેશન ફલ્ડ–૨ | ૧,૪૬,૦૧,૪૯૨ | – | – | ૧,૪૬,૦૧,૪૯૨ |
| એન.ડી.ડી.બી.ઓપરેશન ફલ્ડ–૩ | ૧૫,૧૨,૩૯,૨૪૦ | ૨૬,૪૧,૩૬૯ | – | ૧૫,૩૮,૮૦,૬૦૯ |
| પી.ટી.એન.ડી.પી.–૧ પ્રોજેક્ટ | ૨૨,૨૭,૫૭૩ | ૧૨,૬૪૩ | – | ૨૨,૪૦,૨૧૬ |
| આર.બી.પી.એન.ડી.પી.–૧ પ્રોજેક્ટ | ૨,૮૨,૨૦૦ | – | ૧,૭૯,૯૮૨ | ૧,૦૨,૨૧૮ |
| સીમેન સ્ટેશન સબસીડી–SSS-NDP-1 | ૯૧,૫૯,૩૯૮ | – | ૧૧,૫૮,૭૬૧ | ૮૦,૦૦,૬૩૭ |
| પેપ માટેની સહાય–PEP | ૨૮,૬૬,૧૩૫ | – | – | ૨૮,૬૬,૧૩૫ |
| કુલ | ૧૮,૧૨,૨૫,૨૦૪ | ૨૬,૫૪,૦૧૨ | ૧૩,૩૮,૭૪૩ | ૧૮,૨૫,૪૦,૪૭૩ |
| **લેન્ડ રીવેલ્યુએશન રીઝર્વ** | ૩,૬૪,૧૯,૦૩,૯૫૭ | – | – | ૩,૬૪,૧૯,૦૩,૯૫૭ |
| **કુલ રૂપિયા** | ૪,૩૮,૬૩,૯૨,૯૮૮ | ૬૩,૨૬,૫૫૬ | ૧૩,૩૮,૭૪૩ | ૪,૩૯,૧૩,૮૦,૮૦૧ |

## સહકારી નિબંધ તથા પેટા કાયદા અનુસાર નફાની વહેંચણી સને : ૨૦૧૭-૧૮

| વિગત | રૂપિયા | વિગત | રૂપિયા |
|---|---|---|---|
| અનામત ભંડોળ ૨૫ ટકા | ૪,૨૪,૮૨,૫૮૯ | ચોખ્ખો નફો | ૧૬,૯૯,૩૦,૩૫૫ |
| શિક્ષણ ફાળો | ૧,૦૦,૦૦૦ | | |
| ધર્માદા ફંડ માટે | ૩૦,૦૦,૦૦૦ | | |
| ૯ ટકા પ્રમાણે ડિવીડન્ડ | ૮,૪૭,૪૭,૦૦૮ | | |
| સામાન્ય અનામત ભંડોળ | ૩,૯૬,૦૦,૭૫૮ | | |
| **કુલ રૂપિયા** | ૧૬,૯૯,૩૦,૩૫૫ | **કુલ રૂપિયા** | ૧૬,૯૯,૩૦,૩૫૫ |

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા-૩૮૪૦૦૨.

## પરિશિષ્ટ – બી સરવૈયાનો ભાગ

## મિલ્કત તથા ઘસારા ફંડની વિગત દર્શાવતું પત્રક સને ૨૦૧૭-૧૮

(રૂપિયા)

| | | ગ્રોસ બ્લોક (મૂળ કિંમત) | | | | ઘસારાનું પ્રોવિઝન | | | | નેટ બ્લોક | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અ નં. | મિલ્કતનું વર્ણન | ૩૧-૦૩-૧૭ ના રોજની કુલ કિંમત | વર્ષ દરમ્યાન ઉમેરો/ ટ્રાન્સફર | વર્ષ દરમ્યાન ઘટાડો/ ટ્રાન્સફર | કુલ કિંમત તારીખ ૩૧-૩-૧૮ | ૩૧-૦૩-૧૭ ના રોજનો કુલ ઘસારો | વર્ષ દરમ્યાન ઉમેરો/ ટ્રાન્સફર | વર્ષ દરમ્યાન ઘટાડો/ ટ્રાન્સફર | કુલ ઘસારો તારીખ ૩૧-૦૩-૨૦૧૮ | બાકી તારીખ ૩૧-૦૩-૨૦૧૭ | બાકી તારીખ ૩૧-૦૩-૨૦૧૮ |
| ૧ | જમીન | ૪૧૧૮૮૯૦૩૯૪ | – | – | ૪૧૧૮૮૯૦૩૯૪ | – | – | – | – | ૪૧૧૮૮૯૦૩૯૪ | ૪૧૧૮૮૯૦૩૯૪ |
| ૨ | મકાન | ૪૨૩૯૯૪૩૭૪૦ | ૪૩૭૬૨૦૬૩ | – | ૪૨૮૩૭૦૫૮૦૩ | ૮૮૮૦૧૭૬૦૬ | ૧૫૭૨૬૩૫૬૧ | – | ૧૦૪૫૨૮૧૧૬૭ | ૩૩૫૧૯૨૬૧૩૪ | ૩૨૩૮૪૨૪૬૩૬ |
| ૩ | પ્લાન્ટ અને મશીનરી | ૭૬૪૭૭૮૪૯૦૮ | ૮૭૪૮૨૫૩૭ | ૨૪૫૦૦ | ૭૭૩૫૨૪૨૯૪૫ | ૩૨૦૪૨૫૬૯૫૮ | ૩૭૦૫૩૬૬૧૪ | ૨૧૬૭૭ | ૩૫૭૪૭૭૧૮૯૫ | ૪૪૪૩૫૨૭૯૫૦ | ૪૧૬૦૪૭૧૦૫૦ |
| ૪ | ઓફિસ સાધનો | ૪૧૬૯૦૯૫૨ | ૧૯૬૬૩૫૩ | ૧૦૮૭૦૦ | ૪૩૫૪૮૬૦૫ | ૨૦૧૦૯૬૪૦ | ૨૪૬૮૦૪૨ | ૭૫૦૫૬ | ૨૨૫૦૨૬૨૬ | ૨૧૫૮૧૩૧૨ | ૨૧૦૪૫૯૭૯ |
| ૫ | ડેટા પ્રોસેસીંગ સાધનો | ૧૮૨૪૫૬૯૭૯ | ૩૨૩૨૫૭૦ | ૧૨૨૪ | ૧૮૫૬૮૮૩૨૫ | ૧૩૪૧૨૧૯૪૫ | ૭૫૨૮૧૩૯ | ૧૨૨૪ | ૧૪૧૬૪૮૮૬૦ | ૪૮૩૩૫૦૩૪ | ૪૪૦૩૯૪૬૫ |
| ૬ | ઈલે.ફીક્ચર્સ અને ફિટીંગ્સ | ૧૫૯૯૮૯૭૬૯ | ૭૯૬૨૩૭ | – | ૧૬૦૭૮૬૦૦૬ | ૫૦૪૭૪૫૯૩ | ૫૩૫૨૯૬૨ | – | ૫૫૮૨૭૫૫૫ | ૧૦૯૫૧૫૧૭૬ | ૧૦૪૯૫૮૪૫૧ |
| ૭ | કેન | ૧૮૧૯૫૧૧૩૫ | ૩૨૭૩૭૪૮ | – | ૧૮૫૨૨૪૮૮૩ | ૧૨૫૩૭૮૨૪૯ | ૬૭૯૨૪૭૪ | – | ૧૩૨૧૭૦૭૨૩ | ૫૬૫૭૨૮૮૬ | ૫૩૦૫૪૧૬૦ |
| ૮ | ફર્નિચર, ફીક્ચર્સ | ૬૬૩૮૭૬૨૧ | ૯૪૦૭૭૫૩ | – | ૭૫૭૯૫૩૭૪ | ૨૩૪૬૭૩૭૯ | ૨૮૮૦૪૯૨ | – | ૨૬૩૪૭૮૭૧ | ૪૨૯૨૦૨૪૨ | ૪૯૪૪૭૫૦૩ |
| ૯ | વાહનો | ૪૩૨૬૩૪૭૫ | – | ૬૩૨૬૯૬ | ૪૨૬૩૦૭૭૯ | ૨૬૩૪૩૦૧૩ | ૨૨૮૪૫૫૬ | ૪૯૬૨૪૬ | ૨૮૧૩૧૩૨૩ | ૧૬૯૨૦૪૬૨ | ૧૪૪૯૯૪૫૬ |
| ૧૦ | લાઈવ સ્ટોક | – | ૧૬૭૦૧૪ | – | ૧૬૭૦૧૪ | – | – | – | – | – | ૧૬૭૦૧૪ |
| | કુલ રૂ..... | ૧૬૬૮૨૩૫૮૯૭૩ | ૧૫૦૦૮૮૨૭૫ | ૭૬૭૧૨૦ | ૧૬૮૩૧૬૮૦૧૨૮ | ૪૪૭૨૧૬૯૩૮૩ | ૫૫૫૧૦૬૮૪૦ | ૫૯૪૨૦૩ | ૫૦૨૬૬૮૨૦૨૦ | ૧૨૨૧૦૧૮૯૫૯૦ | ૧૧૮૦૪૯૯૮૧૦૮ |




# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા-૩૮૪૦૦૨.

## ખર્ચનું અંદાજપત્ર : સને : ૨૦૧૮-૧૯

| ક્રમ | ખર્ચ ખાતાનું નામ | અંદાજીત ખર્ચ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧ | દૂધ ખરીદી | ૩૯૪૧.૮૧ |
| ૨ | ખરીદી, પરિવહન અને પ્રાપ્તિ ખર્ચ | ૧૪૪.૬૯ |
| ૩ | માલ સામગ્રી વપરાશ | ૬૬૦.૬૦ |
| ૪ | સહકાર વિકાસ ખર્ચ | ૯.૬૫ |
| ૫ | પ્રોસેસીંગ ખર્ચ | ૭૦.૪૮ |
| ૬ | પાવર અને બળતણ ખર્ચ | ૧૦૨.૧૪ |
| ૭ | પગાર અને વેતન | ૮૪.૦૫ |
| ૮ | પી.એફ. ગ્રેજ્યુઈટી, અન્ય સવલત | ૩૬.૧૦ |
| ૯ | મરામત અને નિભાવ ખર્ચ | ૨૫.૩૧ |
| ૧૦ | નૂર અને રવાનગી ખર્ચ | ૧૩.૩૧ |
| ૧૧ | માર્કેટીંગ ખર્ચ | ૧.૯૧ |
| ૧૨ | ટપાલ, ટેલીફોન, પ્રિન્ટીંગ અને સ્ટેશનરી ખર્ચ | ૧.૯૯ |
| ૧૩ | વિમા પ્રિમીયમ | ૧.૩૯ |
| ૧૪ | ભાડા અને વેરા ખર્ચ | ૧૭.૫૬ |
| ૧૫ | અન્વેષણ ખર્ચ ફી | ૫.૮૦ |
| ૧૬ | પરચુરણ ખર્ચ | ૫.૦૨ |
| ૧૭ | વ્યાજ તથા બેંક કમિશન | ૧૬૨.૭૭ |
| | **કુલ રૂપિયા...** | **૫૨૮૪.૫૮** |

## મૂડી ખર્ચનું અંદાજપત્ર : સને : ૨૦૧૮-૧૯

| ક્રમ | મૂડી ખર્ચ ખાતાનું નામ | અંદાજીત ખર્ચ (રૂપિયા કરોડમાં) |
|---|---|---|
| ૧ | દૂધ સાગર ડેરી, મહેસાણા | ૨૦૪.૩૬ |
| ૨ | દૂધ માનસાગર ડેરી, માનેસર | ૨૫.૯૭ |
| ૩ | દૂધ મોતીસાગર ડેરી, ધારૂહેડા | ૨૫.૪૭ |
| ૪ | શીત કેન્દ્રો | ૩૯.૭૫ |
| ૫ | કેટલફીડ પ્લાન્ટ | ૧૨.૬૮ |
| ૬ | દૂધસાગર નેશનલ | ૪.૩૮ |
| ૭ | કંકુબા વેટરનરી કોલેજ અને સિમેન સ્ટેશન | ૧૪૯.૯૯ |
| | **કુલ રૂપિયા...** | **૪૬૨.૬૦** |

# મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., મહેસાણા

## મહત્વની હિસાબી નીતિઓ, હિસાબો અને આકસ્મિક જવાબદારીઓ પરની નોંધ : સને ૨૦૧૭-૧૮

**(અ) મહત્વની લાગુ પાડવામાં આવેલ હિસાબી નોંધો તથા હિસાબી નોંધોને લગતી પોલીસી નીચે પ્રમાણે છે.**

**(૧) હિસાબી પ્રણાલી :**

નાણાંકીય હિસાબો ઐતિહાસિક પ્રણાલી મુજબ એક્રુઅલના ધોરણે સામાન્ય રીતે સ્વીકૃત હિસાબી સિધ્ધાંતો મુજબ તૈયાર કરવામાં આવ્યા છે.

**(૨) આવકની હિસાબી નોંધ :**

આવકની હિસાબી નોંધ સંઘને થનાર આર્થિક ફાયદો અને આવકની ગણતરી ચોક્કસ રીતે થઇ શકે તે મુજબ, વેચાણની હિસાબી નોંધ માલના હસ્તાંતરણના આધારે કરેલ છે. તમામ આવક અને ખર્ચની નોંધણી એક્રુઅલના ધોરણે કરવામાં આવે છે. વેચાણ પર લાગુ પડતી કરવેરાની રકમ વેચાણમાંથી બાદ કરીને દર્શાવેલ છે.

**(૩) સ્થાવર / જંગમ મિલકતો :**

મિલકતોનું મુલ્યાંકન ખરીદ કિંમતના આધારે કરવામાં આવેલ છે. મિલકતોની કિંમતમાં ખરીદ કિંમત, વ્યાજ અને બીજા સીધા ખર્ચાઓ કે જે મિલકતને ઉપયોગમાં લેવા માટે કરવામાં આવ્યા હોય તેનો સમાવેશ કરવામાં આવેલ છે.

**(૪) રોકાણો :**

રોકાણો લાંબાગાળા માટે કરેલ હોવાથી તેને પડતર કિંમતે દર્શાવેલ છે.

**(૫) ચીજ વસ્તુઓની નોંધ :**

અ. કાચો માલ અને પેકીંગ મટીરીયલ્સ વગેરેનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે.

બ. સ્ટોર્સ અને સ્પેર્સનું મુલ્યાંકન પડતર કિંમતે કરેલ છે.

ક. વેપારી માલ સ્ટોક અને લૂઝ સ્ટોકનું મુલ્યાંકન તેની પડતર કિંમત અથવા અંદાજીત મળવા પાત્ર કિંમત, જે ઓછી હોય તેના ધોરણે કરેલ છે.

**(૬) જોગવાઈ ન કરેલ સંભવિત / આકસ્મિક જવાબદારીઓ (અંદાજીત) :**

અ. જુદા જુદા કારણોસર સંઘે રૂા. ૫૭૨૧.૮૫ લાખની બેન્ક ગેરંટીઓ અને રૂા. ૧૫૫.૫૬ લાખના લેટર્સ ઓફ ક્રેડીટ આપેલ છે.

બ. ફરનેશ ઓઈલ ઉપર સેનવેટના કારણે એકસાઈઝની જવાબદારી રૂા. ૨૭૩.૫૨ લાખની છે.

ક. સીમેન બેંક ઓફિસર, એચ.એલ.ડી.બી., ગુરગાંવ દ્વારા હરિયાણા મુર્રાહ બફેલો એન્ડ અધર મિલ્ક એનિમલ બ્રીડ એક્ટ–૨૦૦૧ની કલમ–૬ હેઠળ હરિયાણા રાજય સરકારે નોટીફીકેશન નં. ૬૩૮૮–એ.એચ.–૪–




૨૦૦૧/૧૬૧૪૨ તા. ૯–૯–૨૦૦૧ થી લાઈસન્સ કેપેસીટી પર પ્રતિ લીટર ૧૦ પૈસા સેસની માંગણી કરેલ છે, જેની સામે સંઘે હરિયાણા હાઈકોર્ટમાં અપીલ કરેલ છે અને એનો ચુકાદો આવવાનો બાકી છે. સદર સેસની રકમ વ્યાજ સાથે ૩૧–૩–૨૦૧૮ સુધીમાં રૂા. ૧,૧૦,૫૫,૫૨,૩૧૭/– થાય છે. જેમાં રૂા. ૨૩,૭૨,૦૧,૦૦૦/– મૂળ રકમ તથા રૂા. ૮૬,૮૩,૫૧,૩૧૭/– વ્યાજની રકમ થાય છે. જે પૈકી સેસની મૂળ રકમ રૂા. ૧૯,૪૦,૦૧,૦૦૦/–ની જોગવાઈ અગાઉના વર્ષમાં કરવામાં આવેલ છે. અને રૂા. ૪,૩૨,૦૦,૦૦૦/–ની જોગવાઈ સને ૨૦૧૭–૧૮ના હિસાબમાં કરવામાં આવેલ છે. તે સિવાય સંઘ દ્વારા નામદાર સુપ્રિકોર્ટના ઓર્ડર મુજબ રૂા. ૯,૩૬,૫૧,૦૦૦/– સેસની રકમ માટે વર્ષ ૨૦૧૪–૧૫ માં ચૂકવણી કરવામાં આવેલ છે. જે સરવૈયામાં લ્હેણાં તરીકે દર્શાવેલ છે. સદર રકમની જોગવાઈ વર્ષ ૨૦૧૫–૧૬ના હિસાબોમાં કરવામાં આવેલ છે.

ડ. એમ.આર.ટી.એસ.ની કેટલીક વિવાદાસ્પદ જવાબદારીઓની જોગવાઈ કરેલ નથી કારણ કે તેની રકમ નક્કી કરવી મુશ્કેલ છે.

ઈ. આવકવેરાની જવાબદારી નીચે મુજબ છે. જેની સામે સંઘે અપીલ કરેલ છે.

| આકારણી વર્ષ | અપીલ ઓથોરીટી | રકમ રૂા. |
|---|---|---|
| ૨૦૦૮–૦૯ | ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ | ૧૧,૫૮,૧૦૦/– |
| ૨૦૦૮–૦૯ | કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ (અપીલ) (પેનલ્ટીની રકમ) | ૯,૪૨,૩૭૦/– |
| ૨૦૧૧–૧૨ | ઈન્કમટેક્ષ ટ્રીબ્યુનલ | ૧૦,૪૧,૭૭૦/– |
| ૨૦૧૩–૧૪ | કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ (અપીલ) | ૩૦,૮૦,૮૫,૫૯૦/– |

**(૭) આવક વેરાની જોગવાઈ :**

(અ) ચાલુ નાણાંકીય વર્ષમાં આવકવેરાની જોગવાઈ આકારણી વર્ષ ૨૦૧૭–૧૮ (હિસાબી વર્ષ ૧૬–૧૭) માટે રૂા. ૨,૯૪,૧૧,૦૭૦/–ની કરવામાં આવેલ છે.

(બ) વિલંબિત આવકવેરો કે જે હિસાબી નફો અને કરપાત્ર નફા વચ્ચેના કામચલાઉ સમય તફાવતના કારણે ઉદ્ભવે છે. તે સરવૈયાની તારીખે પ્રવર્તમાન કરના દર અને કાયદાને ધ્યાનમાં લઈને નોંધવામાં આવે છે. વિલંબિત આવકવેરા મિલકત ત્યારે જ નોંધવામાં અને આગળ લઈ જવામાં આવે છે. જ્યારે ભવિષ્યમાં તે મિલકત ઉપલબ્ધ થશે. તેની વ્યાજબી અથવા વાસ્તવિક ખાત્રી છે. જે એકાઉન્ટ સ્ટાન્ડર્ડ – ૨૨ મુજબ છે.

(૮) ગ્રાન્ટ અને સબસીડી ત્યારે જ ઓળખ કરવામાં આવે છે જ્યારે એવી ખાતરી હોય છે કે (૧) સંઘ આ સાથે સંકળાયેલ તમામ શરતોનું પાલન કરી શકશે અને (૨) ગ્રાન્ટ / સબસીડી મળશે. જ્યારે ગ્રાન્ટ અથવા સબસીડી આવકને લગતી હોય ત્યારે તેની ઓળખ વ્યવસ્થિત રીતે આવક તરીકે નફા નુકશાન પત્રકમાં કરવામાં આવે છે તે સમયગાળામાં જ્યારે તેની સાથે સંલગ્ન પડતર કિંમતની સાથે સરખાવી શકાય અને તેના હેતુ સાથે ભરપાઈ કરી શકાય. મિલકતો સાથે મળેલી ગ્રાન્ટની પ્રમાણસર રકમ જે તે વર્ષના ઘસારા સાથે સરભર કરવામાં આવે છે.

(૯) દેવા અને લેણાંની બાકી તેમની ખરાઈને આધીન છે.

(૧૦) પાછળના વર્ષના આંકડાઓમાં જ્યાં જરૂરિયાત જણાય ત્યાં રીગ્રુપીંગ કરવામાં આવેલ છે.

(બ) ઈન્સ્ટીટ્યુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટસ્ ઓફ ઈન્ડિયા દ્વારા પ્રમાણીત એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ સંઘે નીચે પ્રમાણે અમલમાં મૂકેલ છે.

(૧) વર્ષ દરમિયાન સંઘે સ્થિર મિલકતની બાકી રહેલ ઉપયોગી લાઈફ તથા અંદાજીત મળવાપાત્ર રકમ (સાલ્વેજ વેલ્યુ)ની ગણતરી કરી તે પ્રમાણે વર્ષ ૨૦૧૭–૧૮ માટેના દરની ઘટતી જતી બાકીની પદ્ધતિથી ઘસારાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) સંઘે નફા–નુકશાનખાતું તથા સરવૈયા ઉપરાંત કેશ ફ્લો સ્ટેટમેન્ટ બનાવેલ છે. જેને નિયામક મંડળ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(૩) સંઘના સંબંધિત પાર્ટીઓ સાથેના વ્યવહારોની વિગત નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| (અ) ગુજરાત કો.ઓ. મીલ્ક માર્કેટીંગ ફેડરેશન લી. | | |
| વેચાણ | : | રૂા. ૩૪,૪૦,૯૯,૧૬,૭૨૨/– |
| ખરીદી | : | રૂા. ૩૫,૨૦,૧૮,૨૮૦/– |
| ડિવીડન્ડ આવક | : | રૂા. ૬,૬૦,૩૩,૨૨૫/– |
| સર્વિસ ચાર્જ અને રોયલ્ટી | : | રૂા. ૨/– |
| (બ) મેનેજીંગ ડિરેક્ટરનું મહેનતાણું | : | રૂા. ૪૫,૦૦,૯૮૪/– |

(૪) સંઘ દ્વારા તેમના કર્મચારીઓને આપવાપાત્ર થતી ગ્રેજ્યુઈટીનો ફાળો જીવનવિમા નિગમમાં ભરવામાં આવેલ છે અને કર્મચારીઓને નોકરી દરમિયાન તેમજ નિવૃત્તિ સમયે રજા વટાવવાની માંગણી કર્મચારી દ્વારા કરવામાં આવે ત્યારે હિસાબોમાં લેવામાં આવે છે.

(૫) સંઘ દ્વારા સંભવિત જવાબદારીઓનું જ્યાં જરૂર લાગેલ છે ત્યાં પ્રોવિઝન કરવામાં આવેલ છે.

(૬) સંઘ દ્વારા માઈક્રો, સ્મોલ અને મીડીયમ એન્ટરપ્રાઈઝીસ ડેવલપમેન્ટ એક્ટ, ૨૦૦૬ પ્રમાણે કોઈપણ સપ્લાયરને મોડી રકમ ચુકવવાની થઈ નથી અને તેમને વ્યાજ ચૂકવવાનું થયું નથી.

(૭) રોકડ પ્રવાહપત્રક (કેશ ફ્લો સ્ટેટમેન્ટ) :

રોકડ પ્રવાહ પત્રક (કેશ ફ્લો સ્ટેટમેન્ટ) “એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ–૩ કેશ ફ્લો સ્ટેટમેન્ટ”માં દર્શાવેલી “પરોક્ષ પદ્ધતિ” મુજબ તૈયાર કરેલ છે અને તે સંઘની સામાન્ય પ્રવૃત્તિઓ, ધિરાણ પ્રવૃત્તિઓ તથા રોકાણ પ્રવૃત્તિઓમાંથી થતો રોકડ પ્રવાહ દર્શાવે છે. નાણાંકીય પત્રકોમાં દર્શાવેલ રોકડ અને રોકડ સમકક્ષમાં હાથ પરની રોકડ તથા બેંક થાપણોનો સમાવેશ થાય છે.

(૮) સેગમેન્ટ રીપોર્ટીંગ :

સંઘ મુખ્યત્વે દૂધ ઉત્પાદનોના ઉત્પાદન અને વેચાણની કામગીરી કરે છે. જે જુદા જુદા ધંધાકીય જોખમ કે વળતરને આધીન નથી અને તેથી એક જ પ્રકારની ધંધાકીય પ્રવૃત્તિ કરે છે તેમ ગણવામાં આવેલ છે.




(૯) વિલંબિત આવકવેરો મિલકત/જવાબદારી :

| વિગત | રકમ (રૂપિયા) |
|---|---|
| **તારીખ ૦૧-૦૪-૨૦૧૭ના રોજની પરિસ્થિતિ મુજબ :** | |
| વિલંબિત આવકવેરા જવાબદારી | ૫૭,૭૧,૩૯,૯૭૭/– |
| વિલંબિત આવકવેરા મિલકત | ૧૭,૨૨,૫૬,૪૦૦/– |
| નેટ વિલંબિત આવકવેરા જવાબદારી | ૪૦,૪૮,૮૩,૫૭૭/– |
| **નાણાંકીય વર્ષ : ૨૦૧૭-૧૮** | |
| વિલંબિત આવકવેરા જવાબદારી | ૧૪,૮૫,૨૦,૪૧૮/– |
| વિલંબિત આવકવેરા મિલકત | ૬,૦૯,૪૫,૯૪૫/– |
| નેટ વિલંબિત આવકવેરા જવાબદારી | ૮,૭૫,૭૪,૪૭૩/– |
| **તા. ૩૧-૦૩-૨૦૧૮ના રોજની નેટ વિલંબિત આવકવેરાની જવાબદારી કુલ** | **૪૯,૨૪,૫૮,૦૫૦/-** |

સહી : એલ.એમ. જાગેટિયા
જનરલ મેનેજર (એકાઉન્ટ્સ)

નિશિથ જે. બક્ષી
મેનેજીંગ ડીરેક્ટર

ઓડિટર્સ
કિંજલકુમાર એમ. ચૌધરી
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
મેમ્બરશીપ નં–૧૩૩૩૮૮, પેનલ નં–૧૯૬

સહી: શ્રીમતી આશાબેન મહિપાલસિંહ ઠાકોર ઈ.ચેરમેન
સહી: શ્રીમતી સુરજબેન પ્રભુદાસ ચૌધરી નિયામક
સહી: શ્રી વાઘુભાઈ વરવાભાઈ દેસાઈ નિયામક
સહી: શ્રી ઘનશ્યામસિંહ પરબતસિંહ વાઘેલા નિયામક
સહી: શ્રી મોંઘજીભાઈ વિસાભાઈ પટેલ નિયામક
સહી: શ્રી મેપાજી રૂપસંગજી ઠાકોર નિયામક

સહી: શ્રી દુરસિંહ ટેટસિંહ રાઠોડ નિયામક
સહી: શ્રીમતી ભગવતીબેન સકતાભાઈ ભરવાડ નિયામક
સહી: શ્રી કાન્તિલાલ ત્રિભોવનદાસ પટેલ નિયામક
સહી: શ્રી ઈશ્વરભાઈ દેવચંદદાસ પટેલ નિયામક
સહી: શ્રી મોંઘજીભાઈ ધનજીભાઈ પટેલ (ચૌધરી) નિયામક
સહી: શ્રી શંકરભાઈ જેસંગભાઈ ચૌધરી નિયામક

સ્થળ : મહેસાણા





# દૂધ ઉત્પાદકોને લાભદાયી યોજનાઓ (વર્ષ ૨૦૧૭-૧૮)

**૧. જનશ્રી વિમા યોજના :**

| | | |
|---|---|---|
| આવરી લીધેલ મંડળીઓ | : | ૧૪૯૦ |
| સભાસદોની સંખ્યા | : | ૨૪૦૦૮૮ |
| સંઘે ઉમેરેલ ફાળો | : | ૮૧.૬૩ લાખ |
| કુલ પ્રીમિયમ | : | ૨૪૦.૦૮ લાખ |
| ભારતીય જીવન વિમા નિગમે ચૂકવેલ દાવાની રકમ રૂા. | : | – |

**૨. સામાન્ય જૂથ વિમા યોજના :**

| | | |
|---|---|---|
| લાભાર્થી | : | ૨૧૮૮૦૪ |
| કુલ ક્લેઈમ | : | ૪૬૪ |
| ક્લેઈમની રકમ | : | ૧૬૫.૭૦ લાખ |

**૩. દૂધમંડળીના કર્મચારી વિમા યોજના :**

| | | |
|---|---|---|
| લાભાર્થી | : | ૪૬૪૭ |
| કુલ ક્લેઈમ | : | ૨૦૬ |
| ક્લેઈમની રકમ | : | ૪૨.૮૩ લાખ |

**૪. પશુ વિમા યોજના :**

| | | |
|---|---|---|
| પશુ સંખ્યા | : | ૫૯૧૯૧ |
| પ્રીમીયમ | : | ૫૬૭.૬૯ લાખ |
| સંઘ સહાય | : | ૫૭ લાખ |

**૫. બલ્ક મિલ્ક ચીલીંગ યુનિટ્સ :**

| | | |
|---|---|---|
| નવિન સ્થાપેલ | : | ૩૧ યુનિટ |
| સહાયની રકમ | : | ૨૯૨.૭૯ લાખ |
| કુલ બી.એમ.સી.રકમ | : | ૩૩૨.૪૦ લાખ |

**૬. નવીન ઓટોમેટીક મિલ્ક કલેક્શન સિસ્ટમ :**

| | | |
|---|---|---|
| કુલ લાભાર્થી | : | ૫૦ |
| કુલ રકમ | : | ૬૩.૯૮ લાખ |
| ચુકવેલ એ.એમ.સી.એસ સહાયની રકમ | : | ૪૦ લાખ |

**૭. મંડળી મકાન બાંધકામ :**

| | | |
|---|---|---|
| નવીન મકાન સહાય | : | ૦૬ |
| ચુકવેલ સહાય | : | ૨.૧૦ લાખ |
| કુલ મકાનવાળી મંડળીઓ | : | ૮૭૪ |

**૮. મંડળી રંગ રોગાન :**

| | | |
|---|---|---|
| કુલ મંડળી | : | ૧૦ |
| ચુકવેલ સહાય | : | ૧.૮૫ લાખ |

**૯. મિલ્કીંગ મશીન :**

| | | |
|---|---|---|
| કુલ રકમ | : | ૭૨.૯૯ લાખ |
| લાભાર્થી | : | ૧૩૪ |
| ચુકવેલ સહાયની રકમ | : | ૨૧.૯૦ લાખ |

**૧૦. ડેરી દર્શન કાર્યક્રમ :**

| | | |
|---|---|---|
| મંડળીઓ | : | ૫૮૫ |
| લાભાર્થી સંખ્યા | : | ૪૧૮૧૩ |

**૧૧. સભાસદ પ્રવાસ યોજના :**

| | | |
|---|---|---|
| કુલ મંડળી | : | ૧૦ |
| લાભાર્થી | : | ૫૭૯ |




# વર્ષ ૨૦૧૭-૧૮માં દૂધસાગર ડેરીમાં સૌથી વધુ દૂધ ભરાવનાર પ્રથમ દસ દૂધ મંડળીઓ

| અ.નં. | મંડળીનું નામ | તાલુકો | દૂધ (કિ.ગ્રા.) |
|---|---|---|---|
| ૧ | ચરાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૫૯,૪૧,૩૭૬ |
| ૨ | સોલૈયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૫૯,૧૦,૧૧૬ |
| ૩ | બાપુપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૫૭,૯૫,૦૨૬ |
| ૪ | ખેરાલુ ભાગ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | ખેરાલુ | ૫૧,૧૪,૫૯૯ |
| ૫ | પામોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | વિજાપુર | ૪૬,૨૨,૩૪૪ |
| ૬ | બાલવા-૧ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | કલોલ | ૩૯,૨૦,૭૩૩ |
| ૭ | ઈન્દ્રપુરા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૩૫,૪૮,૦૦૯ |
| ૮ | મેઉ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | મહેસાણા | ૩૫,૩૩,૪૬૦ |
| ૯ | માણેકપુર દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૩૪,૨૪,૧૨૩ |
| ૧૦ | સમૌ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. | માણસા | ૩૦,૪૩,૮૧૬ |

# વર્ષ ૨૦૧૭-૧૮માં દૂધસાગર ડેરીમાં સૌથી વધુ દૂધ ભરાવનાર પ્રથમ દસ દૂધ ઉત્પાદકો

| અ.નં. | દૂધ ઉત્પાદકનું નામ | દૂધ મંડળીનું નામ | તાલુકો | દૂધ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|
| ૧ | ચૌધરી નયનાબેન વસંતભાઈ | માણેકપુર | માણસા | ૩,૮૯,૬૦૬ |
| ૨ | ઠાકોર કપીલાબેન બાબુજી | પાલડી-વ્યાસ | માણસા | ૩,૮૫,૫૬૭ |
| ૩ | પટેલ હંસાબેન પંકજભાઈ | પ્રગતિ મહિલા (દેલવાડા) | માણસા | ૨,૩૬,૩૫૯ |
| ૪ | પટેલ જયંતિભાઈ મોહનભાઈ | લક્ષ્મીપુરા (ઐઠોર) | ઉંઝા | ૨,૨૮,૭૭૭ |
| ૫ | રાઠોડ આશાદેવી ચંદ્રપ્રકાશસીંગ | ઈસંડ | કલોલ | ૨,૧૭,૪૮૩ |
| ૬ | પટેલ પરેશભાઈ અમૃતભાઈ | હીરપુરા | વિજાપુર | ૧,૯૯,૧૧૮ |
| ૭ | મોમીન ઈસ્માઈલભાઈ અલીમહંમદભાઈ | કેશરપુરા(ખે) | ખેરાલુ | ૧,૮૮,૩૦૬ |
| ૮ | ચૌધરી કાન્તાબેન રામજીભાઈ | બાપુપુરા | માણસા | ૧,૮૬,૭૨૮ |
| ૯ | પટેલ ચંદ્રકાન્તભાઈ અમૃતભાઈ | અજબપુરા | જોટાણા | ૧,૫૯,૨૭૧ |
| ૧૦ | દેસાઈ અશોકભાઈ જીવજીભાઈ | ખેરાલુભાગ | ખેરાલુ | ૧,૪૬,૧૮૭ |



દૂધ વિદ્યાસાગર ડેરી, કડી ખાતે ૧૦ મેટ્રીક ટનની ક્ષમતાવાળા
દહીં પ્લાન્ટનું તા. ૮-૧૧-૨૦૧૭ના રોજ ઉદ્‌ઘાટન



માણસા ખાતે
ઈ.ડી.પી. પ્રોગ્રામનું
ઉદ્‌ઘાટન

આઈ.સી.ડી. અંતર્ગત
દીવા પ્રોગ્રામનું
રંગાકૂઈ ખાતે આયોજન

